છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર બંને નેતાઓ વચ્ચે શાબ્દિક યુદ્ધ ચાલી રહ્યું છે. ટ્રમ્પે રશિયાને યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા માટે ૫૦ દિવસની સમયમર્યાદા આપી હતી, જેને ઘટાડીને ૧૦ દિવસ કરવામાં આવી હતી. જવાબમાં મેદવેદેવે ટ્રમ્પ પર 'અંતિમ અલ્ટીમેટમ રાજકારણ' કરવાનો આરોપ લગાવ્યો. જવાબમાં ટ્રમ્પે કહ્યું, 'મેદવેદેવને કહો, તે એક નિષ્ફળ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ છે જે હજુ પણ પોતાને શક્તિશાળી માને છે. તેમણે સમજવું જોઈએ કે તેઓ ખતરનાક ક્ષેત્રમાં પ્રવેશી ગયા છે.' તેમની આગામી પોસ્ટમાં, મેદવેદેવે સોવિયેત યુનિયનની 'ડેડ હેન્ડ' પરમાણુ પ્રતિશોધ પ્રણાલીનો ઉલ્લેખ કર્યો, જે ક્રેમલિનનો નાશ થાય તો પણ આપમેળે પરમાણુ હુમલો કરી શકે છે. ટ્રમ્પને આ વાત વાંધાજનક લાગી.

# રાષ્ટ્રપતિને PM મળતા રાજકારણમાં ગરમાવો

## સંસદમાં ચાલતા મુદ્દાઓ અને અમેરિકા સાથેના ટેરિફ વોર મુદ્દે બેઠક થઈ હોવાના એંધાણ

નવીદિલ્હી, તા. ૩

રવિવારે રાષ્ટ્રપતિ ભવનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા હતા. બંને નેતાઓની મુલાકાતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. રાષ્ટ્રપતિ ભવને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર શેર કરેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા.' આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ (SIR) પ્રક્રિયા પર ચર્ચા કરવાની વિપક્ષની માંગને લઈને સંસદમાં ગતિરોધ છે. ઉપરાંત, ચૂંટણી પંચે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે સૂચના પણ જારી કરી છે. ઓપરેશન સિંદૂર પર બંને ગૃહોમાં ચર્ચા સિવાય, ચોમાસુ સત્ર શરૂ થયા પછી સંસદમાં ખૂબ જ ઓછું કામ થયું છે. રાષ્ટ્રપતિ સાથે પ્રધાનમંત્રીની આ મુલાકાત અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૨૫ ટકા ટેરિફ અને રશિયા પાસેથી ભારત દ્વારા લશ્કરી સાધનો અને તેલ ખરીદવા પર દંડની જાહેરાત કર્યા પછી પણ



થઈ છે. બિહારમાં વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીના ખાસ સઘન સુધારણા કવાયત પર ચર્ચા કરવાની વિપક્ષની માંગણીને લઈને સંસદમાં મડાગાંઠની પૃષ્ઠભૂમિમાં પીએમ નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વચ્ચે મુલાકાત થઈ રહી છે. તમને જણાવી દઈએ કે અગાઉ પીએમ નરેન્દ્ર મોદી ૧૬ જુલાઈના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા હતા. રાષ્ટ્રપતિ કાર્યાલયે આ મુલાકાત અંગે ડ પર એક પોસ્ટ શેર કરી હતી અને તસવીરો પણ શેર કરી હતી. આ ઉપરાંત, પીએમ મોદી ૭ મેના રોજ રાષ્ટ્રપતિને મળ્યા હતા. આ મુલાકાત ઓપરેશન સિંદૂર અંગે યોજાઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા બિહારમાં ખાસ સઘન સુધારણા (SIR) કવાયત પર ચર્ચા કરવાની વિપક્ષની માંગણીને લઈને સંસદમાં મડાગાંઠની પૃષ્ઠભૂમિમાં પીએમ અને રાષ્ટ્રપતિ વચ્ચે આ મુલાકાત થઈ રહી છે.

વાસ્તવમાં, ઓપરેશન સિંદૂર પર ચર્ચાની માંગણીને લઈને સંસદમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ઘણો ઝઘડો થયો હતો. સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈના રોજ શરૂ થયું હતું, પરંતુ ત્યારથી બંને ગૃહોમાં ખૂબ ઓછું કામ થયું છે. રશિયા પાસેથી લશ્કરી સાધનો અને ક્રૂડ ઓઇલ ખરીદવા બદલ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફ અને દંડની જાહેરાત કર્યાના થોડા દિવસો બાદ પીએમ મોદીની રાષ્ટ્રપતિ મુર્મુ સાથેની મુલાકાત આવી છે.

# શેખ હસીનાની વધી મુશ્કેલી

## આંતરરાષ્ટ્રીય ગુન્હા ટ્રિબ્યુનલ દ્વારા ટ્રાયલ શરૂ : ૨૦૨૪ માં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનોના દમન સાથે સંબંધિત છે કેસ

નવીદિલ્હી, તા. ૩

બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીનાની મુશ્કેલીઓમાં વધુ વધારો થયો છે. આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલ (ICT) એ રવિવારે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના સામે માનવતા વિરુદ્ધ ગુનાઓના આરોપસર તેમની ગેરહાજરીમાં ટ્રાયલ શરૂ કરી. આ કેસ ૨૦૨૪ માં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનોના દમન સાથે સંબંધિત છે. વચગાળાની સરકાર દ્વારા નિયુક્ત મુખ્ય ફરિયાદી તાજુલ ઈસ્લામે તેમના શરૂઆતના નિવેદનમાં શેખ હસીનાને ''બધા ગુનાઓનું કેન્દ્ર'' ગણાવી હતી અને તેમના માટે કડક સજાની માંગ કરી હતી. ફરિયાદ પક્ષે હસીનાના બે ટોચના સહાયકો, ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અસદુઝમાન ખાન કમાલ અને ભૂતપૂર્વ પોલીસ મહાનિરીક્ષક ચૌધરી અબ્દુલ્લા અલ મામુનને પણ આ કેસમાં સહ-આરોપી તરીકે નામ આપ્યા છે.

ICTએ હસીના સામે અનેક આરોપો હેઠળ ટ્રાયલ શરૂ કરી છે, જેમાંથી સૌથી મુખ્ય ગયા વર્ષે 'સ્ટુડન્ટ્સ અગેઇન્સ્ટ ડિસ્ક્રિમિનેશન (SAD)' દ્વારા શરૂ કરાયેલા હિંસક આંદોલનોને દબાવવા માટે કરવામાં આવેલા હત્યાઓ અને ત્રાસ છે.



આ આંદોલનને કારણે ૫ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ હસીનાની અવામી લીગ સરકારનું પતન થયું. હસીના અને કમાલ ગેરહાજરીમાં કેસનો સામનો કરી રહ્યા છે, જ્યારે મામુન કસ્ટડીમાં છે અને સાક્ષી બનવા માટે સંમત થયા છે. ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે તે આગામી દિવસોમાં વિરોધ પ્રદર્શનોમાં ઘાયલ થયેલા અથવા હિંસા જોનારા વ્યક્તિઓના જુબાની રજૂ કરશે.

દેશમાં વધતી જતી અશાંતિ વચ્ચે હસીના ૫ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ બાંગ્લાદેશ ભાગી ગયા હતા અને હાલમાં ત્યાં રહે છે. અહેવાલો અનુસાર, ભૂતપૂર્વ ગૃહમંત્રી કમાલે પણ પાછળથી ભારતમાં આશરો લીધો હતો. મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારે હસીનાના પ્રત્યાર્પણની માંગ કરી છે, પરંતુ ભારત તરફથી અત્યાર સુધી કોઈ સત્તાવાર પ્રતિભાવ મળ્યો નથી. આઈસીટીએ ૧૦ જુલાઈના રોજ હસીના, કમાલ અને મામુન સામે આરોપો ઘડ્યા હતા, જે મૂળ ૧૯૭૧ ના મુક્તિ યુદ્ધ સંબંધિત યુદ્ધ ગુનાઓનો પ્રયાસ કરવા માટે રચાયેલ હતો.

આઈસીટીએ ગયા મહિનાની શરૂઆતમાં શેખ હસીનાને તેમની ગેરહાજરીમાં કોર્ટના અવમાનના કેસમાં છ મહિનાની જેલની સજા ફટકારી હતી. ઓગસ્ટ ૨૦૨૪ માં વડા પ્રધાન પદ છોડ્યા પછી ૭૭ વર્ષીય આવામી લીગ નેતાને કોઈ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યાનો આ પહેલો પ્રસંગ હતો. યુએન માનવ અધિકાર કાર્યાલયના અહેવાલ મુજબ, ૧૫ જુલાઈથી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન, જ્યારે હસીના સરકારે વિરોધીઓ પર કાર્યવાહીનો આદેશ આપ્યો હતો, ત્યારે લગભગ ૧,૪૦૦ લોકો માર્યા ગયા હતા.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

શ્રાવણી અભિષેક

## શ્રી શૈલે મલ્લિકાર્જુન, વૈદ્યનાથ અને ભીમાશંકરનાં જ્યોતિર્લિંગનું પૌરાણિક મહાત્મ્ય



હે દેવોના દેવ મહાદેવ.
સૌનાં હ્રદયમાં કરુણા રૂપે રહેલા આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણીયા સોમવારે શિવાલયોમાં જઈ દર્શન કરવાનું ખૂબ જ મહત્વ છે, અને એટલે આપણે ગત સોમવારે સોમનાથ, મહાકાલેશ્વર અને ઓમકારેશ્વર એમ ત્રણ જ્યોતિર્લિંગની પૌરાણિક કથાનું મહાત્મ્ય જાણ્યું, અને દર્શન કર્યા હોય એવી અનુભૂતિ પ્રાપ્ત કરી. આ વખતે શ્રી શૈલે મલ્લિકાર્જુન, વૈદ્યનાથ અને ભીમાશંકર એમ ત્રણ જ્યોતિર્લિંગ વિશે ચિંતન કરીશું.

શ્રી શૈલે મલ્લિકાર્જુન : આંધ્રપ્રદેશનાં કુર્નુર જિલ્લામાં કૃષ્ણા નદીને કિનારે આવેલું આ જ્યોતિર્લીંગ અદભુત સ્થાપત્યનો નમૂનો છે. આ ઉપરાંત નલ્લામલાઈની ટેકરી તેમજ ત્રણ નદીનાં સંગમ પાસે આવેલું શ્રી શૈલે મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ એ સમયની જાહોજલાલીને યાદ તાજી કરાવી જાય છે. મંદિરમાં શિવપીઠ અને શક્તિપીઠ એમ બંને બિરાજમાન છે.ભારતનું કદાચ પહેલું એવું મંદિર હશે જ્યાં જ્યોતિર્લિંગ અને શક્તિપીઠ રૂપે શિવ અને શક્તિ બંને સાથે બિરાજમાન છે. મલ્લિકાર્જુન શબ્દનો અર્થ કરીએ તો મલ્લિકા એટલે પાર્વતી અને અર્જુન એટલે શિવ એવો થાય છે. જ્યોતિર્લિંગ સ્વરૂપે મલ્લિકાર્જુન અને શક્તિપીઠ રૂપે ભ્રમપરામ્બા બિરાજમાન છે. આ મંદિર પણ ખૂબ જ પ્રાચીન છે.આ મંદિર સાથે બે પૌરાણિક કથાઓ જોડાયેલી છે.

શિવ પાર્વતીનાં બે પુત્ર છે, ગણેશ અને કાર્તિકેય. આ બંનેમાં લગ્ન પહેલાં કોના થશે? એ બાબતે એકવાર વિવાદ થયો, એટલે શિવજીએ સમાધાનનો રસ્તો દેખાડતાં કહ્યું કે, જે કોઈ પૃથ્વીની પરિક્રમા કરી પ્રથમ આવશે તેના લગ્ન પહેલા થશે. કાર્તિકેય પોતાનું વાહન મોર લઈને પૃથ્વીના પ્રવાસે નીકળે છે, જ્યારે ગણેશજી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી માતાપિતાની પ્રદક્ષિણા કરે છે, અને શંકર ભગવાન પ્રસન્ન થઈને કહે છે કે, તું સાચો વિદ્યાનો ઉપાસક છે,તું જીત્યો, અને ગણેશના લગ્ન રિદ્ધિ સિદ્ધિ સાથે કરાવવામાં આવે છે. કાર્તિકેય પૃથ્વીની પરિક્રમા કરી પાછાં આવે છે, અને જોવે છે કે ગણેશનાં લગ્ન થઈ ગયાં, અને એ પણ આ રીતે! એટલે તેઓ રિસાઈ જાય છે, અને માતાપિતાને છોડીને ક્રોંચ પર્વતની ટેકરીએ આવીને વસે છે. શિવજી નારદ મુનિને કાર્તિકેય ને મનાવવાનું કામ સોપે છે, પરંતુ તે માનતાં નથી, આથી પુત્ર વિયોગમાં શિવ પાર્વતી બન્ને ક્રોંચની ટેકરી પર આવવાં નીકળે છે, અને માર્ગ યાદ રહે એ માટે માર્ગમાં આવતી ટેકરીઓ પર પોતાનું જ્યોતિ સ્વરૂપ મૂકે છે, અને એ રીતે આ શ્રીશૈલમની ટેકરી પર જ્યોતિ સ્વરૂપ છે, શિવ પાર્વતી બન્ને જણાં પોતાના અસ્તિત્વની છાપ અહીં છોડે છે. જ્યારે પુરાણ મુજબ દક્ષ યજ્ઞમાં અડધા બળેલા સતીના શરીરને લઈને ક્રોધાયમાન શંકર ફરે છે ત્યારે તેનાં શરીરનાં અવયવો જ્યાં જ્યાં પડે છે, ત્યાં આગળ શક્તિપીઠનું નિર્માણ થયું છે. એટલે અહીં શક્તિપીઠ આવેલી છે.

સ્કંદપુરાણની બીજી દંતકથા મુજબ શિવગણ નંદીએ અહીયાં તપસ્યા કરી હતી. તેઓની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન શિવ અને પાર્વતીએ તેમને મલ્લિકાર્જુન અને ભ્રમરામ્બાના રૂપમાં દર્શન આપ્યા હતાં. આ જ્યોતિર્લીંગનું વર્ણન મહાભારતમાં પણ છે. પાંડવોએ પાંચ લિંગની સ્થાપના અહીયાં કરી હતી. ભગવાન રામે પણ આ મંદિરનાં દર્શન કર્યા હતાં. ભક્ત પ્રહલાદના પિતા હિરણ્યકશ્યપ પણ અહીંયા પૂજા અર્ચના કરતાં હતાં.

વૈદ્યનાથ : ભોળાનાથનું જ્યોતિર્મય વૈદ્યનાથ સ્વરૂપ ઝારખંડમાં દેવઘર નામનાં સ્થાન પર શોભાયમાન છે. દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રમાં પરલ્યાં વૈદ્યનાથં ચ તરીકે વૈદ્યનાથ જ્યોતિર્લિંગનાં સ્થાનનો ઉલ્લેખ મળે છે. તે સ્થાન મૂળે તો ઝારખંડનું દેવઘર જ હોવાનું મનાય છે. અલબત, મહારાષ્ટ્રનાં પરલીમાં તેમજ હિમાચલ પ્રદેશના કાંગડામાં આ જ્યોતિર્લિંગ સ્થિત હોવાનાં દાવા થાય છે. પણ, દેવતાઓનું ઘર મનાતું દેવઘર જ મુખ્ય હોવાની માન્યતા વધુ પ્રચલિત છે.

શિવપુરાણની કોટિરુદ્રસંહિતાના અધ્યાય ૨૭-૨૮ માં વૈદ્યનાથ જ્યોતિર્લિંગના પ્રાગટ્ય સંબંધી કથાનું વર્ણન છે. કથા અનુસાર રાક્ષસરાજ રાવણે ભગવાન ભોળાનાથ મહાદેવ ને કે મહેશ્વરને પ્રસન્ન કરવા કૈલાસ પર્વત પર જઈને કેટલાય વર્ષો સુધી દુષ્કર તપ કર્યું. પણ, રાક્ષસરાજના મનોભાવોને જાણનારા શિવજી ઝડપથી પ્રસન્ન થયા નહીં,તો રાવણ એ બીજી રીતે ભગવાન શંકરને મનાવવા કોશિશ કરી. ભગવાન તો પણ પ્રસન્ન થયાં નહીં, ત્યારે આખરે રાવણે એક પછી એક પોતાનું મસ્તક કાપી શિવજીને અર્પણ કરવાનું શરૂ કર્યું. જ્યારે દસમું અને અંતિમ મસ્તક કાંપવા રાવણ તૈયાર થયો, ત્યારે મહાદેવે પ્રગટ થઈ તેને રોક્યો. કરુણાનિધાને રાવણને તેના બધાં મસ્તક પાછા આપી તેની ઈચ્છા અનુસાર તેને પરમ બળની પ્રાપ્તિનાં આશિષ આપ્યાં.

મહાદેવના વરદાનથી પ્રસન્ન થઈ રાવણ લિંગને લંકા લઈ જવા હઠ કરી. ત્યારે શિવજીએ તેને લંકા લઈ જવા પોતાના અંશ રૂપી એક શિવલિંગ આપ્યું. સાથે જ કહ્યું કે, તુ તેને જમીન પર જ્યાં મુકીશ ત્યાં જ તે સ્થાપિત થઈ જશે ! રાવણ હર્ષ સાથે લંકા જવા નીકળ્યો. પરંતુ, માર્ગમાં શિવજીની જ માયાથી રાવણને લઘુશંકાની ઈચ્છા થઈ. કહે છે કે દેવઘરની ભૂમિ પર રાવણે એક ગોપબાળને જોયો. વૈજુ નામનાં તે બાળકના હાથમાં રાવણે શિવલિંગ મૂકી દીધું.

દંતકથા એવી છે કે, વૈજુ નામનો તે ગોપબાળ વાસ્તવમાં શ્રીહરિ વિષ્ણુ જ હતા ! જેમણે તે શિવલિંગ જમીન પર મૂકી દીધું. અને પછી શિવજીના વરદાન અનુસાર તે ત્યાં જ સ્થિર થઈ ગયું. રાવણે પૃથ્વી પરથી શિવલિંગને ઊંચકવાનો ઘણો પ્રયાસ કર્યો, પણ તે હલ્યું સુદ્ધા નહીં. આખરે, તે નિરાશ થઈ પરત ફર્યો. ત્યારબાદ સર્વ દેવતાં અને ઋષિમુનિઓએ મળી મહાદેવનાં આ દિવ્ય રૂપની પૂજા કરી અને તેને વૈદ્યનાથ નામ આપ્યું. એક માન્યતા અનુસાર શ્રીવિષ્ણુના વૈજુ નામ પરથી પ્રભુ વૈજનાથના નામે પ્રસિદ્ધ થયા. કે જેમના દર્શન માત્ર ભક્તોના સર્વ મનોરથોની પૂર્તિ કરનારા મનાય છે.

ભીમાશંકર : આ મંદિર ભારતના પશ્ચિમ રાજ્ય મહારાષ્ટ્રના પુણે નજીક ખેડ તાલુકામાં આવેલું એક જ્યોતેર્લિંગ છે. આ મંદિર પુણેના શિવાજી નગરથી ૧૨૭ કિમી દૂર સહ્યાદ્રીની પર્વતમાળામાં આવેલું છે. આ સ્થળ ભીમા નામની નદીનું ઉદ્ગમ સ્થાન પણ છે, આ નદી આગળ જઈ રાયચુર પાસે કૃષ્ણા નદીને મળે છે. મહારાષ્ટ્રમાં આવેલાં અન્ય જ્યોતિર્લિંગ સ્થળો પણ છે,

ભીમાશંકર જ્યોતિર્લિંગની પૌરાણિક કથા ત્રેતા યુગ સાથે જોડાયેલી છે. શાસ્ત્રોમાં મળતાં વર્ણન મુજબ દેવોના અનુરોધથી ભગવાન શિવે ભીમાશંકર રૂપે સહ્યાદ્રી પર્વતમાળા ઉપર નિવાસ કર્યો હતો, અને શિવપુરાણમાં એનું વર્ણન મળે છે. પ્રાચીનકાળમાં ભીમા નામનો એક રાક્ષસ હતો. ભીમા કુંભકર્ણનો પુત્ર હતો. ભીમાનો જન્મ તેના પિતાના મૃત્યુ પછી થયો હતો. ભીમા જ્યારે મોટો થયો ત્યારે તેની માતાએ તેને પિતાના વધની કથા કહી, જેથી તે ભગવાન રામને પોતાના પિતાની હત્યાના દોષી માની બદલો લેવાનું નક્કી કર્યું હતું.

ભીમાએ તપ દ્વારા બ્રહ્માજીને પ્રસન્ન કરી સૌથી શક્તિશાળી બનવાનું વરદાન માગી લીધું. જે બાદ તેણે દેવલોક અને પૃથ્વી લોકમાં હાહાકાર મચાવ્યો. તેણે જુદા જુદા પ્રદેશો જીતતા આસામના કામરુપ પ્રદેશ પર પણ કબ્જો કર્યો, અને તેનાં રાજાને પકડીને પોતાની જેલમાં નાખી દીધા. રાજા સુદિક્ષણ ભગવાન શિવના પરમ ભક્ત હતાં. તેમણે જેલમાં જ માટીથી શિવલિંગ બનાવી પૂજા કરવાનું શરું કરતાં, રાક્ષસ ભીમ ક્રોધાયમાન થયો, અને તેણે પોતાના ખડગથી શિવલિંગ પર વાર કરવાનો પ્રયાસ કર્યો. આ સાથે જ ચારેતરફ દિવ્ય તેજ ફેલાઈ ગયું, અને લિંગમાંથી સ્વયં શિવ પ્રગટ થયા. રાક્ષસ ભીમા અને શંકર વચ્ચે તુમૂલ યુદ્ધ થયું, અને ભગવાન શિવે ભીમાને શક્તિહીન કરી મારી નાખ્યો. ભીમા રાક્ષસના અત્યાચારથી મુક્ત થયેલા દેવાતોએ શિવજીને પ્રાર્થના કરી કે તેઓ કાયમ માટે અહીં જ વાસ કરે, અને પ્રસન્ન ભગવાન શિવે લિંગ સ્વરુપે પોતાનું સ્વરુપ પ્રસ્થાપિત કર્યું. ત્યારથી આ જ્યોતિર્લિંગનું નામ ભીમા શંકર પડી ગયું. અહીં મંદિર પ્રાંગણમાં જ દેવી પાર્વતીનું મંદિર અને મોક્ષ કુંડ, સર્વતીર્થ કુંડ, જ્ઞાન કુંડ અને કુષારણ્ય કુંડ આવેલા છે. જેમાં કુષારણ્ય કુંડ ભીમ નદીનું ઉદ્ગમ સ્થાન પણ માનવામાં આવે છે.

તો આ છે આપણા સૌના હ્રદયમાં કરુણા રૂપે નિવાસ કરતાં ભગવાન શિવનાં જ્યોતિર્લિંગ સ્વરૂપની ગાથા. જ્યોર્તિલિંગ ના દર્શને જઈ શકાય નહીં તો પણ એના મહાત્મ્યનુ ચિંતન કરવાથી એ દિવ્ય પ્રકાશ આપણાં આત્મલિંગ ને પણ પ્રકાશિત કરે અને આપણું જીવન દિવ્ય તરફ ગતિ કરે. ૐ નમઃ શિવાય.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# મનપાનું ભોપાળુ છતું : પાણીના ૨૬ નમૂના ફેઈલ

## જૂન અને જુલાઈ માસમાં લેવાયા ૩,૦૦૦ નમૂના : શુદ્ધ પાણી આપવામાં મહાનગરપાલિકા નિષ્ફળ

રાજકોટ, તા. ૩

એક તરફ રાજકોટમાં ભૂતકાળમાં કહેવામાં આવતું કે રાજકોટ તો નપાણીઓ છે કારણ કે રાજકોટ શહેરમાં પીવાના પાણીની તંગી ખૂબ વિકરાળ હતી ત્યારે આ વિષયને ગંભીરતાથી ધ્યાનમાં લઇ રાજ્ય સરકાર દ્વારા ખાસ સૌની યોજના હાથ ધરવામાં આવી અને પીવાના પાણીનું વિતરણ અવિરત ચાલુ કરાયું એટલું જ નહીં રાજકોટને પીવાના પાણીની કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે સૌની યોજનાથી શહેરને જોડવામાં પણ આવ્યું એટલે હવે રાજકોટમાં પીવાના પાણીનો પ્રશ્ન ભૂતકાળ બની ગયો છે પરંતુ હવે જે પ્રશ્ન ઊભો થયો છે તે એ છે કે મહાનગરપાલિકા જે પાણી વિતરણ કરી રહી છે તે પાણી સંપૂર્ણપણે અશુદ્ધ છે કારણ કે છેલ્લા બે મહિના માં આશરે ૩,૦૦૦ જેટલા પાણીના નમુના લેવામાં આવ્યા હતા જેમાંથી ૨૬ નમૂના ફેલ થયા છે અને મહાનગરપાલિકાની પોલ પણ છતી થઈ ચૂકી છે.

જોવાની વાત તો એ છે કે મહાનગરપાલિકા દ્વારા જે નમૂના લેવામાં આવ્યા હતા તેમાં જાગનાથ સહિતના અનેકવિધ ઉપલા કાંઠાના વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવ્યો ત્યારે હવે તજજ્ઞોના મતે એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે રાજકોટ શહેરમાં જે પીવાનું પાણી મળે છે તે દૂષિત છે અને લોકોના સ્વાસ્થ્ય ઉપર તેની સીધી જ અસર પડી શકે તેમ છે . રાજકોટ મહાનગરપાલિકા એવા ડંફાસ મારે છે કે તેમની પાસે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતની અનેકવિધ સુવિધાઓ ઉપલબ્ધ છે તો ૨૬ જેટલા નમુના ફેલ થવા એ કોઈ નાની સુની વાત નથી એટલું જ નહીં મહાનગરપાલિકાના સત્તાધિશોના જણાવ્યા અનુસાર લોકોની સલામતી અને સુરક્ષા ને પ્રાથમિકતા આપવાની પણ વાત કરવામાં આવતી હોય છે પરંતુ વાત કંઈક અલગ જ છે જ્યારે ૨૬ નમૂના પીવાના પાણીના ફેલ થયા હોય અને છતાં મહાનગરપાલિકાના પેટનું પાણી પણ ન હાલે તે કેવી વાત.

વાત અહીંયા જ નથી અટકતી હાલ મચ્છરજન્ય રોગનું પ્રમાણ પણ પ્રતિ દિવસ વધી રહ્યું છે ત્યારે ખરા અર્થમાં યોગ્ય વ્યવસ્થા અને નક્કર આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે તે ખૂબ જરૂરી છે અત્યારના રાજકોટ માટે સારી વાત એ છે કે હાલ વરસાદ મુશળધાર વરસતો નથી પરંતુ જો વરસાદની હેલી થાય અને ત્યારબાદની સ્થિતિ જો મહાનગરપાલિકા કાબુ ન કરી શકે તો ઘણી માંથી અસરનો સામનો પણ કરવો પડી શકે છે. આ અંગે મહાનગરપાલિકાના સંબંધિત વિભાગના અધિકારીઓએ ગંભીરતા પૂર્વક વિચાર કરવો ખૂબ જરૂરી છે અને સામે યોગ્ય વ્યવસ્થાપન ઉભી કરવી જરૂરી છે. હાલ વિપક્ષ પણ આ મુદ્દે સત્તાધીશોને ઘેરી રહ્યું છે.





THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES.
THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA

Scan this QR to view the Prospectus

UMIYA MOBILE

# UMIYA MOBILE LIMITED

**Corporate Identification Number: U32202GJ2012PLC073173**

Our Company was originally incorporated under the name *"Umiya Mobile Private Limited"* under the provisions of the Companies Act, 1956 vide Certificate of Incorporation dated December 31, 2012, issued by the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Haveli. Subsequently, the status of the Company was changed to public limited and the name of our Company was changed to *"Umiya Mobile Limited"* vide special resolution passed by the shareholders at the Extra Ordinary General Meeting held on December 23, 2024. The fresh certificate of incorporation consequent to conversion was issued on January 28, 2025, by Assistant Registrar of Companies/ Deputy Registrar of Companies/ Registrar of Companies, Centralised Processing Centre. The Corporate Identification Number of our Company is U32202GJ2012PLC073173.

**Registered Office:** Plot No. 3, Ward No.7, C.S. No. 5805, Vhora Aghat NR PDM COM. College, Opp. Lathiya Motors, Gondal Road, Rajkot-360004, Gujarat, India
**Contact Person:** Mr. Vinay B Karkera, Company Secretary and Compliance Officer
**Tel:** +91 73593 39209 | **E-mail:** investors@umiyamobile.in | **Website:** www.umiyamobile.com | **CIN:** U32202GJ2012PLC073173

**THE PROMOTERS OF OUR COMPANY ARE MR. JADWANI KISHORBHAI PREMJIBHAI, MR. JADVANI GIRISHKUMAR PREMJIBHAI AND MR. VIJESH PREMJIBHAI PATEL**

**"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS, 2018 (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF BSE (BSE SME)."**

## BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC OFFER OF 37,70,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH (THE "EQUITY SHARES") OF UMIYA MOBILE LIMITED ("OUR COMPANY" OR "UMIYA" OR "UML" OR "THE ISSUER") FOR CASH AT A PRICE OF ₹ 66/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ 56/- PER EQUITY SHARE (THE "ISSUE PRICE") AGGREGATING TO ₹ 2,488.20 LAKHS ("THE ISSUE"), OF WHICH 1,90,000 EQUITY SHARES AGGREGATING TO ₹ 125.40 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER TO THE ISSUE ("MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION i.e., NET ISSUE OF 35,80,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH AT A PRICE OF ₹ 66/- PER EQUITY SHARE AGGREGATING TO ₹ 2,362.80 LAKHS ("NET ISSUE"). THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE 26.51 % AND 25.18 % RESPECTIVELY OF THE POST ISSUE PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**ISSUE PRICE: ₹ 66.00 PER EQUITY SHARE OF FACE VALUE OF ₹10 EACH.**
**THE ISSUE PRICE IS 6.6 TIMES OF THE FACE VALUE**

### RISKS TO INVESTORS:

1. *Our Equity Shares have never been publicly traded, and may experience price and volume fluctuations following the completion of the Issue. Further, our Equity Shares may not result in an active or liquid market and the price of our Equity Shares may be volatile and you may be unable to resell your Equity Shares at or above the Issue Price or at all.*
2. *Opening and closing stores is a regular part of Company's business and depends mainly on how much revenue each store generates.*
3. *Our Company's business highly depends on the brands recognition and reputation of the products it offers to sell and their inability to maintain or enhance brands image that we sell could have a material adverse effect on our business, financial condition and results of operations.*
4. *We are subject to quality requirements and any product defect issues or failure by us or our suppliers to comply with quality standards may lead to the cancellation of existing and future orders, recalls and exposure to potential product liability claims. Further, if any of our products do not meet regulatory standards or are defective, we may be, inter alia, (i) responsible for damages relating to any defective products, (ii) required to replace, recall or redesign such products or (iii) incur significant costs to defend any such claims.*
5. *Our Company is dependent on few numbers of suppliers for purchase of products. Loss of any of this large Suppliers may affect our business operations.*
6. *Our business is a high volume-low margin business.*
7. *The average cost of acquisition of Equity Shares by our Promoters is as follows:*

| Name of Promoters | No of Equity Shares held | Average cost of Acquisition (in ₹) |
|---|---|---|
| **Promoters** | | |
| Mr. Jadwani Kishorbhai Premjibhai | 37,73,400 | 0.53 |
| Mr. Jadvani Girishkumar Premjibhai | 30,32,400 | 0.53 |
| Mr. Vijesh Premjibhai Patel | 36,36,600 | 0.53 |

8. *Weighted average cost of acquisition:*

| Types of transactions | Weighted average cost of acquisition (₹ per Equity Shares) |
|---|---|
| Weighted average cost of acquisition of primary / new issue of shares. | NA |
| Weighted average cost of acquisition for secondary sale / acquisition of shares. | NA |
| Since there were no primary or secondary transactions of equity shares of the Company during the 18 months preceding the date of filing of this Prospectus, the information has been disclosed for price per share of the Company based on the last five primary or secondary transactions (secondary transactions where Promoter / Promoter Group entities or Selling Shareholders or Shareholder(s) having the right to nominate director(s) on our Board, are a party to the transaction), not older than three years prior to the date of filing of this Prospectus irrespective of the size of the transaction. | |
| - Based on primary transactions | Nil |
| - Based on secondary transactions | 10.00 |

**ISSUE PROGRAMME**
**ISSUE OPENED ON : MONDAY, JULY 28, 2025**
**ISSUE CLOSED ON : WEDNESDAY, JULY 30, 2025**

This Issue was made through the Fixed Price Mechanism, in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended (**"SCRR"**) read with Regulation 229(2) of the SEBI ICDR Regulations and in compliance with Regulation 253 of the SEBI ICDR Regulations wherein not more than 50.00% of the Net Issue was made available for allocation on a proportionate basis to Individuals Investors and 50.00% of the Net Issue was made available for allocation on a proportionate basis to Other than Individuals Investors in accordance with the SEBI ICDR Regulations, subject to valid Applications having been received from them at the Issue Price. All Potential Applicants, are required to participate in the Issue by mandatorily utilizing the Application Supported by Blocked Amount (**"ASBA"**) process by providing details of their respective ASBA Account (as defined hereinafter) in which the corresponding Application Amounts will be blocked by the Self-Certified Syndicate Banks (**"SCSBs"**) or under the UPI Mechanism, as the case may be, to the extent of respective Application Amounts. Anchor Investors are not permitted to participate in the Issue through the ASBA process. For details, please refer to the chapter titled *"Issue Procedure"* on page 287 of the Prospectus.

### SUBSCRIPTION DETAILS

The Issue received applications for 1,320 Equity Shares (before technical rejections) resulting in 2.50 times subscription (including reserved portion of market maker). The Details of the Applications received from various categories (before technical rejection) are as under:

**Detail of the Applications Received:**

| CATEGORY | Gross | | Less: Valid Rejections | | Valid | |
|---|---|---|---|---|---|---|
| | No. of Applications | Equity Shares | No. of Applications | Equity Shares | No. of Applications | Equity Shares |
| Reserved for Market Maker | 1 | 1,90,000 | - | - | 1 | 1,90,000 |
| Individual Investors | 1,175 | 47,00,000 | 18 | 72,000 | 1,157 | 46,28,000 |
| Other than Individual Investors | 144 | 45,52,000 | 3 | 28,000 | 141 | 45,24,000 |
| **TOTAL** | **1,320** | **94,42,000** | **21** | **1,00,000** | **1,299** | **93,42,000** |

The Basis of Allotment was finalized in consultation with the Designated Stock Exchange - BSE on July 31, 2025

1. **Allocation to Market Maker (After Technical Rejections):** The Basis of Allotment to Market Maker, at Issue Price of ₹ 66.00 per equity share, was finalized in consultation with BSE. The category was subscribed by 1 time i.e., for 1,90,000 shares the total number of shares allotted in this category is 1,90,000 Equity Shares. The category wise details of the Basis of Allotment are as under:

| No. of Shares Applied for (Category wise) | No. of Applications received | % to total | Total No. of Equity Shares applied in this Category | % to total | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio | Total Number of shares allotted |
|---|---|---|---|---|---|---|---|
| 1,90,000 | 1 | 100.00 | 1,90,000 | 100.00 | 1,90,000 | 1:1 | 1,90,000 |
| **TOTAL** | | **100.00** | | **100.00** | | | **1,90,000** |

2. **Allocation to Individual Investors (After Technical Rejections):** The Basis of Allotment to the Individual Investors, at Issue Price of ₹ 66.00 per equity share, was finalized in consultation with BSE. The category was subscribed by 2.55 times i.e., for 46,28,000 Equity Shares. Total number of shares allotted in this category is 18,12,000 Equity Shares. The category wise details of the Basis of Allotment are as under:

| No. of Shares Applied for (Category wise) | No. of Applications received | % to total | Total No. of Equity Shares applied in this Category | % to total | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio | Total Number of shares allotted |
|---|---|---|---|---|---|---|---|
| 4,000 | 1157 | 100.00 | 46,28,000 | 100.00 | 4,000 | 74:189 | 18,12,000 |
| **TOTAL** | | **100.00** | | **100.00** | | | **18,12,000** |

3. **Allocation to Other than Individual Investors (After Technical Rejections):** The Basis of Allotment to Other than Individual Investors, at Issue Price of ₹ 66.00 per equity share, was finalized in consultation with BSE. The category was subscribed by 2.56 times i.e., for 45,24,000 shares the total number of shares allotted in this category is 17,68,000 Equity Shares. The category wise details of the Basis of Allotment are as under:

| Sr. No. | No. of Shares Applied for (Category wise) | No. of Applications received | % to total | Total No. of Equity Shares applied in this Category | % to total | No. of Equity Shares allocated per applicant | Ratio of Allottees to Applicants | Total Number of shares allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6,000 | 96 | 68.09 | 5,76,000 | 12.73 | 6,000 | 1:1 | 5,76,000 |
| 2 | 8,000 | 2 | 1.42 | 16,000 | 0.35 | 6,000 | 1:1 | 12,000 |
| 3 | 10,000 | 2 | 1.42 | 20,000 | 0.44 | 6,000 | 1:1 | 12,000 |
| | 10,000 | | 0.00 | | 0.00 | 2,000 | 1:2 | 2,000 |
| 4 | 12,000 | 1 | 0.71 | 12,000 | 0.27 | 8,000 | 1:1 | 8,000 |
| 5 | 14,000 | 2 | 1.42 | 28,000 | 0.62 | 8,000 | 1:1 | 16,000 |
| 6 | 16,000 | 18 | 12.77 | 2,88,000 | 6.37 | 8,000 | 1:1 | 1,44,000 |
| | 16,000 | | 0.00 | | 0.00 | 2,000 | 5:18 | 10,000 |
| 7 | 18,000 | 1 | 0.71 | 18,000 | 0.40 | 6,000 | 1:1 | 6,000 |
| | 18,000 | | 0.00 | | 0.00 | 2,000 | 1:2 | 2,000 |
| 8 | 20,000 | 2 | 1.42 | 40,000 | 0.88 | 8,000 | 1:1 | 16,000 |
| | 20,000 | | 0.00 | | 0.00 | 2,000 | 1:2 | 2,000 |
| 9 | 74,000 | 2 | 1.42 | 1,48,000 | 3.27 | 22,000 | 1:1 | 44,000 |
| | 74,000 | | 0.00 | | 0.00 | 2,000 | 1:2 | 2,000 |
| 10 | 76,000 | 2 | 1.42 | 1,52,000 | 3.36 | 24,000 | 1:1 | 48,000 |
| 11 | 1,12,000 | 1 | 0.71 | 1,12,000 | 2.48 | 32,000 | 1:1 | 32,000 |
| 12 | 1,50,000 | 5 | 3.55 | 7,50,000 | 16.58 | 42,000 | 1:1 | 2,10,000 |
| 13 | 1,52,000 | 2 | 1.42 | 3,04,000 | 6.72 | 42,000 | 1:1 | 84,000 |
| | 1,52,000 | | 0.00 | | 0.00 | 2,000 | 1:2 | 2,000 |
| 14 | 1,92,000 | 1 | 0.71 | 1,92,000 | 4.24 | 52,000 | 1:1 | 52,000 |
| 15 | 2,26,000 | 1 | 0.71 | 2,26,000 | 5.00 | 62,000 | 1:1 | 62,000 |
| 16 | 5,06,000 | 1 | 0.71 | 5,06,000 | 11.18 | 1,32,000 | 1:1 | 1,32,000 |
| 17 | 5,30,000 | 1 | 0.71 | 5,30,000 | 11.72 | 1,38,000 | 1:1 | 1,38,000 |
| 18 | 6,06,000 | 1 | 0.71 | 6,06,000 | 13.40 | 1,56,000 | 1:1 | 1,56,000 |
| **TOTAL** | | **141** | **100.00** | **45,24,000** | **100.00** | | | **17,68,000** |

The Board of Directors of the Company at its meeting held on July 31, 2025 has approved the Basis of Allocation of Equity Shares as approved by the Designated Stock Exchange viz. BSE and has authorized the corporate action for Issue of the Equity Shares to various successful applicants.

The CAN-cum-allotment advices and/or notices will forward to the email ID's and address of the Applicants as registered with the depositories / as filled in the application form on or before August 01, 2025. Further, the instructions to Self-Certified Syndicate Banks for unblocking the amount will process on or prior to August 01, 2025. In case the same is not received within ten days, investors may contact at the address given below. The Equity Shares allocated to successful applicants are being credited to their beneficiary accounts subject to validation of the account details with the depositories concerned. The Company is taking steps to get the Equity Shares admitted for trading on the BSE SME within Three working days from the date of the closure of the Issue.

**Note:** All capitalized terms used and not defined herein shall have the respective meanings assigned to them in the Prospectus dated July 22, 2025 ("Prospectus") filed with Registrar of Companies, Ahmedabad, Gujarat.

### INVESTORS, PLEASE NOTE

The details of the allotment made would also be hosted on the website of the Registrar to the Issue, **Bigshare Services Private Limited** at www.bigshareonline.com. All future correspondence in this regard may kindly be addressed to the Registrar to the Issue quoting full name of the First/ Sole applicants, serial number of the Bid cum Application Form, number of shares applied for and Bank Branch where the application had been lodged and payment details at the address of the Registrar to the Issue given below:

**BIGSHARE SERVICES PRIVATE LIMITED**
Office No. S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre,
Mahakali Caves Road, Andheri (East), Mumbai - 400 093, Maharashtra, India
**Tel.:** 022 - 6263 8200 | **E-mail:** ipo@bigshareonline.com
**Investor Grievance E-mail:** investor@bigshareonline.com
**Website:** www.bigshareonline.com
**Contact Person:** Mr. Asif Sayyed
**SEBI Registration Number:** INR000001385

**For Umiya Mobile Limited**
**Sd/-**
**Mr. Jadwani Kishorbhai Premjibhai**
**Designation: Chairman & Managing Director**
**DIN: 06460690**

**Date:** August 01, 2025
**Place:** Rajkot

**THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF UMIYA MOBILE LIMITED.**

**Umiya Mobile Limited** is proposing, subject to market conditions, public Issue of its equity shares and has filed the Prospectus with the Registrar of Companies, Ahmedabad, Gujarat. The Prospectus is available on the website of SEBI at www.sebi.gov.in, the website of the Lead Manager to the Issue at www.shcapl.com website of the BSE at www.bseindia.com and website of Issuer Company a www.umiyamobile.com. Investors should note that investment in Equity Shares involves a high degree of risk. For details, investors shall refer to and rely on the Prospectus including the section titled *"Risk Factors"* beginning on page 27 of the Prospectus, which has been filed with ROC. The Equity Shares have not been and will not be registered under the US Securities Act (the **"Securities Act"**) or any state securities law in United States and may not be Issued or sold within the United States or to, or for the account or benefit of, "U.S. persons" (as defined in the Regulation S under the Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to the registration requirements of the Securities Act of 1933.

AdBaaz

### ગ્રાહક બનીને આવી અને ઝીણી મોટી ચીજવસ્તુઓ બઠાવી લીધી પણ પકડાઈ ગઈ

# DMartમાં બે મહિલાઓએ કર્યો હતો હાથફેરો

## ઘીના બાર પાઉચનો હિસાબ મળતો ન હોય સીસીટીવી કેમેરા ચેક કરતાં બે મહિલા નજરે ચડી અને ભેદ ખુલ્યો

રાજકોટ, તા. ૩

શહેરના કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલમાં આવેલા ડી માર્ટ સ્ટોરમાં ગ્રાહક બનીને આવતી બે મહિલા ચીજવસ્તુ ચોરી જતી હોઈ તેને ઝડપી લઈ પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે.

બનાવની વિગતો જોઈએ તો આ બારામાં ડી માર્ટના આસીસ્ટંટ મેનેજર મોચીનગર શેરી નં.૦૨, શીતલ પાર્કમાં રહેતાં વસીમભાઇ રફીકભાઇ મંસુરીની ફરિયાદ આધારે મોનાબેન હીતેનભાઈ શાહ રહે. શ્રમજીવી સોસાયટી નં.૦૯ તથા પ્રીતીબેન હિતેષભાઈ શાહ રહે લક્ષ્મણ ટાઉનશીપ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આરએમસી ક્વાટર વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે. વસીમભાઈએ જણાવ્યું હતું કે હું મારા પરીવાર સાથે રહુ છુ અ ને ક્રિસ્ટલ મોલમા તરીકે છેલ્લા પાંચેક વર્સથી નોકરી કરૂ છુ. અને મારૂ કામ ડી માર્ટમાં સ્ટોકનુ મેન્ટેનન્સ કરવાનુ છે.ગત તા- ૨૬/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રીના અગીયારેક વાગ્યે અમો ડીબમાર્ટના સ્ટોરમા ગોપાલ ઘી ના પાઉચ ચેક કરતા જે દરમ્યાન ઘીના પાઉચનો હીસાબ મળતો ન હોઇ ઘીના ૧૨ નંગ પાઉચ ઓછા હતા. જેથી મે આ બાબતે સીસીટીવી કેમેરા ચેક કરતા અમારા સ્ટોર ખાતે આગલા દિવસે બે મહીલાઓ ઘી વિભાગમાથી ગોપાલ ઘીના ૧૨ નંગ પોતે પોતાની થેલીમા રાખી દિધેલ. અને તેની સાથે તેને અન્ય સામાન પણ ખરીદ કરેલ હતો અને તેઓએ આ ઘીનુ બીલ બનાવડાવેલ ન હતુ. જેથી મારે હિસાબ મળતો ન હતો. બાદમા શનિવારે તા.૦૨/૦૮/૨૦૨૫ના રોજ સાંજના આશરે પોણા સાતેક વાગ્યે હું ડીમાર્ટ સ્ટોરમા નોકરી પર હતો ત્યારે મે બે મહીલાઓને ત્યા સ્ટોરમા જોયેલા હતા અને મને યાદ આવેલ કે, મે સીસીટીવી કેમેરા ચેક કરેલ ત્યારે જે બે મહીલાઓ ઘીના પાઉચ તેમની થેલીમા રાખતી જોયેલી હતી. તેમાની એક મહીલા આ બહેન જ હતા. જેથી મે આ બહેન પર વોચ રાખેલી હતી.

બાદ આજરોજ તેની સાથે રહેલી અન્ય એક મહી લાએ ડીમાર્ટ સ્ટોરમાથી અલગ અલગ ચીજ વસ્તુઓ ખરીદેલી હતી. જેનુ બીલ કુલ રૂ. ૨૭૪૬ રૂપીયાનુ હતુ. જે તેમને બનાવડાવેલ હતુ. બાદમા મને શંકા જતા



અમારા સીક્યુરીટી સ્ટાફના લક્ષ્મણભાઈ ભટ્ટી તથા મહીલા સીક્યુરીટી શીતલ બેન તથા નીશાબેનની હાજરીમા આ મહીલાનુ નામ પુછતા પોતે પોતાનુ નામ મોનાબેન હીતેનભાઈ શાહ જણાવેલ હતું. અને તેની પાસે એક બેગમા ડી માર્ટની અલગ અલગ ચીજ વસ્તુઓ હતી. અને તેની સાથે રહેલી મહીલા જેને અગાઉ ઘીના પાઉચ ચોરેલા તેનુ નામ પુછતા પોતે પોતાનુ નામ પ્રીતીબેન હીતેષભાઈન શાહ જણાવેલ હતુ.

બાદમા મે કેશ કાઉંટર પાસે મોનાબેનનુ બેગ ચેક કરાવડાતા, મોનાબેનના બીલ તથા ચીજવસ્તુઓ ટેલી કરતા જેમા અમુક ચીજ વસ્તુઓ બીલ મુજબની હતી અને જેમાથી બાકીની કુલ ૧૫ આઈટમો જેમા ગાર્નીયર કલર નંગ -૦૧ રૂ.૨૩૦ ફોગ્ગ સ્પ્રે નં ગ ૦૧ રૂ.૪૯૯ નટરાજ બદામ પેકેટ નંગ ૦૧ રૂ. ૫૯૯ નટરાજના કાજુ પેકેટ નેગ ૦૧ રૂ.૮૫૦, ડવ કંડીશનર બો ટલ નંગ ૦૧ રૂ.૫૨૫-, કોલગેટ નંગ ૦૧ રૂ.૩૫૦, ડવ સેમ્પુની બોટલ નંગ ૦૧ રૂ. ૧૧૦૯, કેડબરી ચોકલેટ નંગ ૦૪ રૂ.૬૨૦/-,નેસ્લે ચોકલેટ નંગ ૦૩ રૂ.૬૦, નટરાજ ઈલાયચી પેકેટ નંગ ૦૧ રૂ. ૩૦૦- એમ કુલ નંગ ૧૫ ચીજ વસ્તુઓ રૂ.૫૧૪૨ હતી જેનુ બીલ બનાવડાવેલ ન હતુ.

આ વધારાનો માલ સામાન તેની થેલીમા હતો. આ ચીજ વસ્તુઓનુ બીલ નહી બનાવડાવવા બાબતે મે આ મોનાબેન શાહને પુછતા તેઓએ યોગ્ય જવાબ આપી શક્યા નહીં. અને આ પ્રીતેબેને અગાઉ ઘીના પાઉચ લીધેલા હતા જે બાબતે તેઓને પુછતા તેઓ પણ યોગ્ય જવાબ આપી શક્યા નહી. બાદમા મે અમ રા ડીમાર્ટના ડીપાર્મેટ મેનેજર પ્રતીકભાઈ મેંદપરાને બનાવની જાણ કરેલી હતી.બાદમા અમારા સીક્યુરીટીના લક્ષમણભાઈએ ૧૦૦ નંબરને ફોન કરતા ૧૦૦ નંબર આવી જતા આ મોનાબેન શાહ તથા પ્રીતીબેન શાહ એમ બંને મહીલાઓને પોલીસ સ્ટેશન ખાતે લાવેલા હતા અને તેમની સાથે ઉપરોક્ત તમામ બીલ વગરનો મુદામાલ પોલીસ સ્ટેશન ખાતે લાવે લા છીએ. જેથી ક્રીસ્ટલ મોલના ડીમાર્ટ સ્ટોરમા ઉપરોકત અલગ અલગ ચીજ વસ્તુઓ કુલ નંગ ૧૫ જે બીલ વગરની જે ની કુલ કી રૂ.૫૧૪૨ની ચોરી કરેલ હોઈ ફરિયાદ કરી હતી. યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### સાથે બસમાં આવજા કરતી વખતે ઓળખાણ થઈ હતી, વર્તન સારૂ ન લાગતા યુવતીએ બોલવાનું બંધ કરી દેતા પીછો કરી હેરાનગતિઃ મિત્ર સાથે મળી કોલેજ અને ઘર પાસે જઈ ખેલ કર્યા

# આયુર્વેદિક કોલેજની છાત્રાને ધરાર મિત્રતા રાખવાનું કહી બેફામ પજવણી

## યુવતીના પિતા, માતાને પણ ખૂનની ધમકીઃ અગાઉ રીક્ષા આંતરી ખૂબ ગાળો દીધી હતીઃ ક્યાંય લગ્ન નહિ થવા દેવાની પણ ધમકીઃ યુનિવર્સિટી પોલીસે રઘુરાજસિંહ પરમાર તથા હરદેવ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો

રાજકોટ, તા. ૩

શહેરની આયુર્વેદિક કોલેજમાં અભ્યાસ કરતી ૨૩ વર્ષીય છાત્રાને પોતે સીટી બસમાં આવ જા કરતી હોઇ આઇટીઆઈમાં ભણતો શખ્સ પણ બસમાં આવતો જતો હોઇ બંને વચ્ચે બોલચાલના સંબંધ હતાં પણ બાદમાં યુવાનનું વર્તન બદલી જતાં છાત્રાએ બોલવાનું બંધ કરી દેતાં આ યુવાને પોતાના મિત્ર સાથે મળી છાત્રાને હેરાન કરવાનુ ચાલુ કરી દીધું હતું. તેણીની કોલેજ અને ઘર પાસે જઈ ખેલ કરતાં અને છાત્રાની માતાને પણ ધમકી આપતાં પોલીસ ફરીયાદ થઈ છે.પોલીસે આ અંગે છાત્રાની ફરિયાદ પરથી રઘુરાજસિંહ નરેન્દ્રસિંહ પરમાર તથા તેના મિત્ર હરદેવ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે.

છાત્રાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને આયુર્વેદીક કોલેજમાં અભ્યાસ પૂરો કરી ઇન્ટરનશીપ કરૂ છું.હું કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી ત્યારે સીટી બસમાં બેસી અપડાઉન કરતી હોય જેમાં મારે રાજકોટ ત્રિકોણ બાગથી બસ બદલવાની હોય તે ૪૪ નંબરની બસમાં બેસુ ત્યારે રાજકોટ ઓમનગરમાં રહેતો રઘુરાજસિંહ નરેન્દ્રસિંહ પરમાર નામનો છોકરો જેના જે આજીડેમ નજીક આઇટીઆઇમાં અભ્યાસ કરતો હોઇ તે હું બેઠી હોય તે જ સીટ પર મારી સાથે બેસી જતો અને તે વખતે મારી સાથે તેણે પોતાનો પરીચય કેળવી અને મારી સાથે વાતચીત શરૂ કરેલ. ત્યારબાદ અમોએ એકબીજાના મોબાઇલ નંબર આપેલ અને અમો આવી રીતે બસમાં મળતાં મોબાઇલ ફોન પર વાતચીત કરતાં હતાં ત્યારબાદ છ સાત મહીના પછી મને તથા મારા પપ્પાને ખબર પડેલ કે આ માણસ યોગ્ય નથી.

જેથી મેં તેની સાથે તમામ પ્રકારના સંપર્કો તોડી નાખેલ, જેથી રઘુરાજસિંહે તે વખતે મારી સાથે આજીડેમ ચોકડી ખૂબ જ મોટી માથાકૂટ કરેલ તથા મારુ બાવડુ પકડી મને કહેલ કે જો તું મારી સાથે બોલચાલનો સંબંધ નહીં રાખીશ તો તને અને તારા પપ્પાને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ અને મારો અભ્યાસ પણ પૂરો નહીં થવા દે તેવુ કહેતો હોય તેના ડરના કારણે મારે તેની સાથે બોલચાલનો સંબંધ ચાલુ રાખવો પડેલ. ત્યારબાદ તે આવી રીતે અવારનવાર મારી સાથે આવુ વર્તન કરતો હોય જેથી મેં તેની સાથે સંપૂર્ણ રીતે બોલચાલના સંબંધો તોડી નાખેલ તેમ છતા આ રઘુરાજસિંહ મને અવારનવાર મારો પીછો કરતો હું પરીક્ષા દેવા માટે કોલેજે જતી હતી ત્યારે કોલેજ પાસે મને ગત માર્ચ મહીનાની લગભગ ૨૯ તારીખે તે અને તેનો મિત્ર હરદેવ ટુવહીલર પર બેસીને આવેલ અને હું તથા મારા મમ્મી રીક્ષામાં બેઠા હોય તે રીક્ષા ઉભી રખાવી આ રીક્ષાવાળાને બંનેએ ગાળો આપી મને તથા મારા મમ્મીને બેફામ ગાળો આપી મને કહેલ કે મારી સાથે બોલચાલનો સંબંધ રાખવો પડશે મારી સિવાય તું કોઈની સાથે લગ્ન પણ નહીં કરી શકે જો તું સંબંધ નહીં રાખે તો તને જીવવા નહીં દઉં અને તારા પપ્પાને ગમે ત્યારે પતાવી દઇશ તેવી ધમકી આપેલ.

આ વખતે ત્યાં ઘણા માણસો ભેગા થઇ જતાં આ બંને ત્યાંથી ભાગી ગયેલ હતાં અને તે વખતે સમાજમાં આબરૂ ન જાય તે ભયથી મે રઘુરાજસિંહ સામે પોલીસ સ્ટેશનમાં કોઇ ફરીયાદ કરેલ ન હતી ત્યારબાદથી પણ આ વ્યક્તિ અવાર નવાર મારા ઘરે તેમજ મારા ઘર આજુબાજુ તેમજ હું કોલેજે જાવ છુ ત્યાં આસપાસ આ રઘુરાજસિંહ આવે છે અને મને પજવણી કરે છે તેની સાથે લગ્ન કરવા દબાણ કરે છે. દરમિયાન હાલમાં તા-૦૧/૦૮/૨૦૨૫ના રોજ સાંજના સાડા છએક વાગ્યાના અરસામાં હું તથા મારા મમ્મી તથા મારી નાની બેન એમ બધા અમારા ઘરે હાજર હતા અને મારા પપ્પા અમારા ઘર પાસે જ પાનની દુકાને બેઠા હોય રઘુરાજસિંહ મારા પપ્પા પાસે આવેલ અને ત્યાંજ આટાફેરા કરતો હોય અને મારા પપ્પાએ તેને કહેલ કે તું મારી દીકરીનો શા માટે પીછો કરશ ? તેણે કહેલ કે હું તને અને તારી દીકરીને છોડીશ નહીં થાય તે કરી લેજે તેમ કહી તેણે પોતાનું બાઇક લઇને ભાગી ગયેલ. મારા પપ્પા તેની પાછળ ગયેલ પણ તે હાથમાં આવેલ નહી જેની મારા પપ્પાએ ઘરે આવી આ બનાવની મને તથા મારા મમ્મી તથા મારા બેન તથા મારા પપ્પાના મિત્રને વાત કરેલ. રઘુરાજસિંહ અવારનવાર મને બળજબરીથી તેની સાથે બોલચાલના સંબંધ રાખવાનું કહી જો ન રાખુ તો મને તથા મારા પપ્પાને જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો આપતો હોઈ ફરિયાદ નોંધાવવાનું નક્કી કરી પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં છાત્રાએ કહેતા ઝડપી લેવા તજવીજ કરી છે.

# TRP અગ્નિકાંડના આરોપીઓ સામે થશે ખાતાકીય તપાસ

## મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ કર્યો આદેશ : ૯૦ દિવસમાં રિપોર્ટ સુપ્રત કરવા જણાવ્યું : મનસુખ સાગઠીયા સામે પણ ખાતાકીય તપાસના આદેશ

રાજકોટ, તા. ૩

ટીઆરપી અગ્નિકાંડની ઘટના બાદ હાલ અનેકવિધ મુદ્દાઓ સામે આવી રહ્યા છે એટલું જ નહીં ટીઆરપી અગ્નિકાંડમાં જે અધિકારીઓની સંડોવણી હતી તેના ઉપર પણ એક્શન લેવામાં આવી રહ્યા હોવાનું માલુમ પડયું છે ત્યારે સુપ્રીમ કોર્ટમાંથી જામીન પર છૂટેલા ઈલેશ ખેરને પણ પ્રતિ દિવસ કચેરી આવી હાજરી પુરવા જણાવવામાં આવ્યું છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર મહાનગરપાલિકા દ્વારા અગ્નિકાંડમાં જે અધિકારીઓની સંડોવણી ખુલી હતી તેમની સામે ખાતાકીય તપાસના આદેશ મ્યુનિસિપલ કમિશનર દ્વારા આપવામાં આવ્યા છે અને રાહ અંગેનો રિપોર્ટ ૯૦ દિવસમાં કરવાનો રહેશે. એટલું જ નહીં જામીન પર છૂટેલા ઈલેશ ખેર સામે પણ ખાતાકીય તપાસ હાથ ધરાશે. અગાઉ એરફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા મનસુખ સાગઠીયા સામે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી પરંતુ હવે ખાતાકીય તપાસ કરી તેના વિરુદ્ધ ફરિયાદ પણ નોંધવામાં આવશે કારણ કે તપાસ દરમિયાન સાગઠીયા એ કરેલા ખોટા કામો સ્વીકાર્યા હતા. એટલું જ નહીં ટીઆરપી ગેમ ઝોન ના જે



સંચાલકો હતા તેની પાસેથી પણ લાંચ સ્વીકારી હોવાનું તેને જણાવ્યું હતું. ત્યારે નિયમ અનુસાર કોઈ પણ મહાનગરપાલિકાના અધિકારી વિરુદ્ધ ફરિયાદ અથવા તો તપાસ કરવામાં આવનાર હોય તો તેની પરવાનગી જનરલ બોર્ડમાં લેવી પડતી હોય છે ત્યારે બોર્ડમાં પણ સર્વનું માટે આ દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી અને હવે મ્યુનિસિપલ કમિશનરે પણ ખાતાકીય તપાસ કરવા માટેનો પરવાનો આપી દીધો છે જે બાદ આરોપીઓ વિરોધ પોલીસ ફરિયાદ નોંધાશે.

રાજકોટ અગ્નિકાંડમાં અધિકારી સામે ખાતાકીય તપાસ કરવાના આદેશ અપાયા છે, સસ્પેન્ડેડ ચીફ ફાયર ઓફિસર સામે ખાતાકીય તપાસ કરાશે, ઝછઙ કેસમાં જામીન પર છૂટેલા ઈલેશ ખેર સામે તપાસનો આદેશ મનપા કમિશ્નર દ્વારા અપાયો છે, નિવૃત અધિકારીને ૯૦ દિવસમાં રિપોર્ટ સોંપવા આદેશ કરાયો છે, ઈલેશ ખેરને દરરોજ મનપામાં હાજરી પુરાવાની રહેશે.ઊઉ મનસુખ સાગઠીયા સામે તપાસ કરી ફરિયાદ નોંધશે અગ્નિકાંડના મુખ્ય આરોપી મનસુખ સાગઠીયાએ કબૂલાત કરી હતી તે પ્રમાણે અગ્નિકાંડ બન્યો તે પહેલા ગેમઝોનના સંચાલકો પાસેથી તેણે લાંચ લીધી હતી. આ ઉપરાંત પ્લાન પાસ કર્યા પહેલા પણ અનેક પ્લાનમાં ભ્રષ્ટાચાર કર્યા હોવાનું કબુલ્યૂ હતું. આ સમગ્ર ઘટનાની તપાસ ઈડી અને એસઆઈપી ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ અગ્નિકાંડ કુલ ૧૬ આરોપીઓ સામે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૨૭ લોકો તેમજ તેમના પરિજનોને ન્યાય અપાવવા પોલીસ પોતે ફરિયાદી બનીને ગુનો નોંધ્યો હતો.

ટીઆરપી અગ્નિકાંડ બાદ લોકોના માનસપટ પર હજુ એ દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ત્યારે ભોગ બનનાર પરિવારોની એક જ માંગ છે કે જે જે લોકોની સંડોવણી અગ્નિકાંડમાં હતી તે તમામ વિરોધ આક્રમ આકરા પગલા લેવામાં આવે અને ગંભીરમાં ગંભીર સજા થાય તો જ અમૃત લોકોની આત્માને શાંતિ મળશે અને જે પરિવારો છે તેઓ ને પણ શાંતિ મળશે ત્યારે હજુ પણ ઘણા ખરા આરોપીઓ વચલો રસ્તો શોધી કામગીરી મોડી થાય તે માટેના પ્રયત્નો કરી રહી છે પરંતુ સ્પષ્ટ સૂચના પણ હવે સરકાર દ્વારા આપવામાં આવી છે કે આ કેસમાં એક પણ પ્રકારની ઢીલાશ રાખવામાં નહીં આવે.

### ઈન્સ્ટાગ્રામમાં જાહેરાત જોઇ-ચોવીસ કલાકમાં કોઈપણ સમસ્યાનું નિવારણ અને છેતરાયો

# લગ્નવાંચ્છુને લેભાગુ જ્યોતિષીએ લાખોમાં નવડાવ્યો

## યુવાને સંપર્ક કરતાં લેભાગુએ કહ્યું હું એવી તાંત્રીકવિધી કરીશ કે લગ્ન તત્કાળ થઇ જશેઃ યુવાને છએક લાખ કટકે કટકે આપ્યા પછી ન તો લગ્ન થયા, ન રૂપિયા પાછા મળ્યા




રાજકોટ, તા. ૩

જ્યોતિષના ચક્કરમાં ઘણીવાર લોકો છેતરાઇ જતાં હોય છે. સાચા જ્યોતિષીઓ પણ હોય છે તો અમુક જ્યોતિષ જોવાના નામે ઢોંગ કરી લોકોને મામા બનાવતા હોય છે. આવા જ એક ચોંકાવનારા બનાવમા એક યુવાનને પ્રેમિકા સાથે લગ્ન કરવા હોઇ પણ મેળ પડતો ન હોઇ તે કહેવાતા જ્યોતિષ પાસે ગયો હતો. આ પછી આ કહેવાતા જ્યોતિષે તાંત્રીક વિધી કરી આપવાના નામે છ લાખ પડાવી લીધા હતાં. લગ્ન ન થતાં અને રૂપિયા પણ પાછા ન મળતાં યુવાનને છેતરાઇ ગયોનો અહેસાસ થયો હતો. સમસ્યાનું ચોવીસ કલાકમાં નિવારણ એવી જાહેરાત સૌશિયલ મિડીયામાં વાંચીને યુવાને સંપર્ક કર્યો હતો અને શિકાર થઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ અમદાવાદનો છે. પ્રેમિકાને પામીને તેની સાથે લગ્ન કરવા માટે યુવકે જ્યોતિષનો સહારો લીધો હતો, જેના લીધે સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોચ્યો છે. યુવતી સાથે લગ્ન થઇ જશે તેવુ કહીને જ્યોતિષે યુવક પાસેથી ૬ લાખ રૂપિયા હડપ કરી લીધા છે. તાંત્રિક વિધીના નામે જ્યોતિષે યુવક પાસેથી ઓનલાઈન રૂપિયા પડાવ્યા હતા. યુવકે ઈન્સ્ટાગ્રામ ચેક કરતો હતો ત્યારે જ્યોતિષની જાહેરાત આવી, જેમાં તેણે સંપર્ક કર્યો હતો. પ્રમમાં પાગલ યુવકના હાથમાં યુવતી પણ ના આવી અને તેની જમા પુંજી પણ જ્યોતિષે લઈ લીધી. કાગડાપીઠ વિસ્તારમાં રહેતા રાજ નામના યુવાને અહિ ફરિયાદીનું નામ બદલવામાં આવ્યું છે તેણે ખાડીયા પોલીસ સ્ટેશનમાં અજાણી જ્યોતિષ વિરૂદ્ધ ૬ લાખ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ કરી છે. રાજ સંયુક્ત પરિવારમાં ભાડાના મકાનમાં રહે છે અને નોકરી કરીને ગુજરાન ચલાવે છે.

ચાલીસ વર્ષિય રાજના લગ્ન થયા નહી હોવાથી તે યુવતીને પ્રેમ કરે છે. રાજ મેડીક્લેમનું કામ કરે છે અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે. રાજ બે વર્ષ પહેલા તેના ઘરે હાજર હતો ત્યારે તેણે મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ આઈડી ખોલી હતી. ઈન્સ્ટાગ્રામ આઈડી પર રીલ જોતો હતો ત્યારે તમન્ના એસ્ટોલોજર નામની આઈડીથી એક જાહેરાત આવી હતી. જાહેરાતમાં લખ્યુ હતું કે ચોવીસ કલાકમાં તમારી અડચણોનુ નિવારણ કરવામાં આવશે. વધુમાં લખ્યુ હતું કે, લગ્ન બાબતે કોઇ અડચણ કે અન્ય ધાર્મિક વિધીથી તમારા દુઃખનું નિવારણ કરવામાં આવશે. જાહેરાતમાં મોબાઈલ નંબર પણ લખ્યો હતો, જેથી રાજને લગ્ન કરવા હોવાથી મનમાં લાલચ જાગી હતી. રાજ એક યુવતીને ્રેમ કરે છે અને તેની સાથે લગ્ન કરવાના હોવાથી તેણે જ્યોતિષનો સહારો લીધો હતો. જાહેરાતમાં નંબર હતો તેમા ફોન કર્યો હતો, જેથી જ્યોતિષે પોતાનું નામ વિનોદ જોષી કહ્યું હતું.

ત્યારબાદ રાજે કહેવાતા જ્યોતિષ વિનોદ જોષી સાથે વાત કરી હતી જેમાં તેણે જણાવ્યુ હતું કે, હું તમારી તમામ સમસ્યાનું નિવારણ કરી આપીશ. વિનોદની વાત પર વિશ્વાસ રાખીને રાજે તેની તમામ હકીકત જણાવી હતી અને કહ્યું કે મને એક યુવતી પસંદ છે અને મારે તેની સાથે લગ્ન કરવા છે, પરંતુ લગ્નમાં બાધા આવે છે. જેથી મારા લગ્ન થઇ જાય તેવી કોઇ વિધી હોય તો જણાવો. રાજની વાત સાંભણીને વિનોદ જોશીએ જણાવ્યુ હતું કે, હું તાંત્રીક વિદ્યાનો મોટો જાણકાર છું, તમારી સમસ્યાનુંસમાધાન ઘરબેઠા કરીને આપીશ. રાજ વિનોદ જોશીની વાતોમાં આવી ગયો હતો અને તે વિધી કરાવવા માટે તૈયાર થઇ ગયો હતો. રાજ પાસેથી રૂપિયા પડાવવા માટે વિનોદ જોશીએ અલગ બહાના કાઢવાનું ચાલુ કરી દીધુ હતું. વિનોદે રજીસ્ટ્રેશન માટે પહેલા એક હજાર રૂપિયાની માંગણી કરી હતી, જેથી રાજે તેને રૂપિયા ઓનલાઇન ટ્રાન્સફર કર્યા હતા.

થોડા દિવસો પછી વિવિધ તાંત્રિક વિધી કરવાના બહાને રૂપિયા માંગવાની શરૂઆત કરી હતી. રાજે એક પછી એક વિનોદ જોશીના કહેવાથી રૂપિયા ટ્રાન્સફર કરતો ગયો હતો પરંતુ તેને રીઝલ્ટ મળ્યુ નહી. વિનોદે પહેલા તાંત્રીક વિધીના નામે ૫.૫૮ લાખ રૂપિયા વિનોદને ટ્રાન્સફ કર્યા હતા ત્યારબાદ ૨૫ હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા અને પચી ૨૪ હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ૬ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા બાદ પણ વિનોદે રાજ પાસેથી રૂપિયા માંગણી કરવાનું ચાલુ રાખ્યુ હતું. રાજને શંકા જતા તેણે રૂપિયા આપવાનું બંધ કરી દીધુ હતું અને વિનોદ પાસેથી રૂપિયા પરત માંગ્યા હતા. વિનોદે રૂપિયા પરત આપવાની જગ્યાએ ગોળગોળ જવાબ આપ્યા હતા અને અંતે ફોન ઉપાડવાના પણ બંધ કરી દીધા હતા.

રાજ સાથે છેતરપીંડી થઇ હોવાની શંકા જતા અંતે તેણે પોલીસ ફરિયાદ કરવાનું વિચાર કરી લીધો હતો. બે વર્ષ બાદ રાજે ખાડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. રાજની ફરિયાદના આધારે ખાડીયા પોલીસે જ્યોતિશ વિનોદ જોશી વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. ્રેમીકા સાથે લગ્ન પણ ના થયા રાજ એક યુવતીને ્રેમ કરતો હતો અને તેની સાથેજ લગ્ન કરવા માંગતો હતો. યુવતી તેને ્રેમ કરતી હતી કે, નહી તે પોલીસ તપાસમાં સામે આવશે પરંતુ રાજે તેને પામવા માટે જ્યોતિષનો સહારો લીધો હતો. જ્યોતિષે પણ રાજની કમજોરીનો ફાયદો ઉઠાવીને ૬ લાખ રૂપિયા તાંત્રીક વિધીના નામે હડપ કરી લીધા હતા. રાજ હજુ સુધી જ્યોતિષને મળ્યો નથી તેવુ પણ પોલીસ તપાસમાં સામે આવ્યુ છે. વાતોની માયાજાળમાં ફસાવીને જ્યોતિષે રાજ પાસેથી રૂપિયા પડાવી લીધા હતા. આમ સોશિયલ મિડીયા પરની જાહેરાત પર ભરોસો કરી વધુ એક યુવાન છેતરાયો હતો.

ગઠીયાઓ ગમે તેના ગરીયા કરી નાખેઃ નુસ્ખા હરવખે નવા નવા તો ક્યારેક જુનાપુરાણા

# જમીન-મકાનના ધંધાર્થી સાથે કારના સોદામાં ફ્રોડ

## ધ્રોલ ફલ્લાના બાપ-બેટાએ ૪ લાખમાં કાર લઇ ૫૦ હજાર દીધા, બાકીના ૩ાા લાખ ન ચુકવી બારોબાર કાર વેંચી મારી

રાજકોટ તા. ૩

શહેરના મવડી વિસ્તારમાં રહેતાં જમીન-મકાનના ધંધાર્થીએ ખરીદેલી કાર મિત્ર મારફત જામનગરના ફલ્લા ખાતે રહેતાં શખ્સને ૪ લાખમાં વેંચતા તેણે ૫૦ હજાર ગૂગલપેથી ચુકવી બાકીના ૩,૫૦,૦૦૦ આજ સુધી નહિ આપતાં અને બીજી તરફ આ કાર સુરતના એક કારમેળા પાસે પહોંચી જતાં તપાસ કરતાં ફલ્લાના આ શખ્સે તેના દિકરા સાથે મળી બારોબાર સુરતમાં કાર વેંચી નાખી હોવાનું જણાતાં ઠગાઇ થયાની ખબર પડી હતી. આ બનાવમાં તાલુકા પોલીસે મવડી ગુરૂકુળ પાસે પરમેશ્વર સોસાયટી-૨માં રહેતાં પ્રવિણભાઇ જસમતભાઇ પાંભર (ઉ.વ.૪૨)ની ફરિયાદ પરથી જામનગરના ફલ્લા પ્રભુદાસ સેવાદાસ સોલંકી તથા રાજદાસ પ્રભુદાસ સોલંકીની ફરિયાદ પરથી ઠગાઇનો ગુનો નોંધ્યો છે.

પ્રવીણભાઇ જમીન મકાન લે-વેંચનું કામ કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું છે કે હું મારા પત્નિ જયશ્રી, પુત્ર પ્રીત સાથે રહું છું. મારા માતા-પિતા નનાવડા ગામે રહે છે. અમે બે ભાઇઓ છીએ. જેમાં મોટા જયેશભાઇ રાજકોટમાં અલગ રહે છે. મેં ૨૦૨૩માં કારની જરૂર હોઇ જેથી મારા મિત્ર પાર્થ પાડલીયા જે કાર લે-વેંચનું કામ કરે છે તેની પાસેથી વીડીઆઇ કાર લેવાની વાત કરતાં તેણે મને ફોટા મોકલ્યા હતાં. એ પછી મને એક કાર ગમી ગઇ હતી. જેના ભાવ તેણે ૪,૫૦,૦૦૦ કહ્યા હતાં. મેં હા પાડતાં તા. ૨/૬/૨૩ના રોજ હું અને પાર્થ વડોદરા કાર જોવા ગયા હતાં. ત્યાં નંદલાલ હરીલાલ રાઠોડના ઘરે ગયેલા અને જીજે૦૬એચએસ-૭૨૪૭ નંબરની કાર મને બતાવી હતી. જે મેં ૪,૫૦,૦૦૦માં ખરીદી હતી

હું અને મારો મિત્ર પાર્થ કાર લઇને રાજકોટ આવ્યા હતાં. બાદ પંદર વીસ દિવસ મેં કાર ચલાવી હતી. પરંતુ મને ગમતી ન હોઇ ૨૫/૬/૨૩ના રોજ મેં ઓમનગર સર્કલ પાસે ક્રિષ્ના ચોક પટેલ એલાયમેન્ટ ખાતે મિત્ર પાર્થ પ્રફુલભાઇ પાડલીયાનું ગુરેજ હોઇ ત્યાં ૪ લાખમાં વેંચવા માટે મુકી હતી. ૩૦/૬ના રોજ




હું ઘરે હતો ત્યારે પાર્થનો ફોન આવ્યો હતો કે જામનગર રહેતાં પ્રભુદાસ સેવાદાસ સોલંકીના ઘરે જવાનું છે, તેને કાર બતાવવાની છે. જેથી હું અને પાર્થ જામનગરના ફલ્લા ગામે પ્ભુદાસ સોલંકીને મળ્યા હતાં. પ્રભુદાસની ઇકો કાર પાર્થને લવી હતી. જેથી તેણે ૩,૯૦,૦૦૦ રોકડા આપી પાર્થએ ઇકો ખરીદ કરી હતી.

એ પછી અમે રાજકોટ આવી ગયા હતાં. ત્યારે પાર્થનો ફોન આવ્યો હતો કે ફલ્લાવાળા પ્રભુદાસને તમારી સ્વીફ્ટ કાર ગમે છે વેંચવી હોય તો વાત કરું. મેં હા પાડતાં ૪ લાખમાં કાર આપી દેવાની છે તેમ કહ્યું હતું. બાદ પ્રભુદાસનો ફોન આવેલ અને કહ્યું કે મારા દિકરા રાજદાસને મોકલુ છુ તેને કાર આપી દેજો હું પૈસા તમારા ખાતામાં નાખી દઇશ. જેથી બીજા દિવસે રાજદાસ આવતાં મેં કાર આપી દીધી હતી. પ્રભુદાસે ગૂગલપેથી મારા ખાતામાં ૫૦,૦૦૦ મોકલ્યા હતાં. બાકીના ૩,૫૦,૦૦૦ ૨૦/૭/૨૩ના આપી દેશે તેમ કહ્યું હતું. પરંતુ બાદમાં વારંવાર ફોન કરવા છતાં અને ઉઘરાણી કરવા છતાં ૩,૫૦,૦૦૦ પ્રભુદાસે મને આપ્યા નથી.

હું ઉઘરાણી કરુ તો અલગ અલગ બહાના બતાવતો હતો. પછી પ્રભુદાસે મારો ફોન બ્લોકલિસ્ટમાં નાખી દીધો હતો. વ્હોટએપમાં વાત કરુ તો તે અલગ અલગ તારીખના વાયદા આપે છે અને બહાના બતાવે છે. બાદમાં અમે ૧૫/૧૧/૨૩ના રોજ રૂબરૂ મિત્ર પાર્થને લઇને પ્ભુદાસને મળવા જતાં તેણે કહેલું કે હાલ મારી પાસે પૈસા નથી. મેં મારી ગાડી પાછી માંગતા તેણે કહેલુ કે તમારી ગાડી મુંબઇ મારા આશ્રમ ખાતે પડી છે. આથી અમે પાછા આવી ગયા હતાં. ૧૪/૫/૨૪ના રોજ નંદલાલે કાર મારા નામે કરી આપી હતી. બાદ ૨૫/૫/૨૫ના રોજ હું અને મિત્ર પાર્થના ગેરેજ ખાતે હતો ત્યારે નંદલાલનો ફોન આવ્યો હતો કે સુરતના કુબેર કાર મેળાવાળા રાહુલ ભાડનો ફોન આવ્યો છે અને તે સ્વીફ્ટ કારની એનઓસી, ટીટીઓ ફોર્મ માંગે છે. જેથી મેં રાહુલને તેની પાસે કાર ક્યાંથી આવી? પુછતાં તેણે અક ડિલરે આપી છે તેમ કહ્યું હતું. જેથી અમે તપાસ કરતાં ખબર પડી હતી કે મારી કાર બારોબાર પ્રભુદાસ સોલંકી અને તેના દિકરા રાજદાસે વેંચી નાંખી છે. તાલુકા પીઆઇ ડી. એમ. હરીપરાના માર્ગદર્શનમાં એએસઆઇ કે. પી. સાગરે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બીજી છોકરી સાથે પતિ વાતો કરતો હોઇ પરિણીતાએ જેઠને વાત કરતાં બેફામ મારકુટ

### હું બીજી હારે વાત કરુ છું એ કેમ તે મારા મોટા ભાઇને કહી દીધું કહીને પતિ તૂટી પડ્યો : કેવલમ આવાસની પરિણીતા સારવાર હેઠળ

રાજકોટ તા. ૩

કેવલમ આવાસ ક્વાર્ટરમાં રહેતી પરિણીતાને તેના પતિએ હું બીજી છોકરી સાથે વાતો કરુ છું તે વાત તે મારા મોટા ભાઇને શું કામ કહી દીધી? તેમ કહી ઢીકાપાટુનો બેફામ માર મારતાં સારવાર માટે દાખલ થવું પડ્યું હતું. આ અંગે યુનિર્સિટી પોલીસે કાલાવડ રોડ કેવલમ આવાસ યોજના બ્લોક નં.૨૫માં રહેતાં હિરલબેન વિજયભાઇ સોલંકી (ઉ.વ.૨૦)ની ફરિયાદ પરથી તેના પતિ વિજય સંજયભાઇ સોલંકી વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. હિરલબેને ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને મારો પતિ વિજય છુટક મજૂરી કરે છે. લગ્ન બાદ હું અને પતિ તથા મારા કાકીજી સાસુ પદ્મબેન શૈલેષભાસ સોલંકી જે સાધુ વાસવાણી રોડ નટરાજનગરમાં આવાસમાં રહે છે તેની સાથે રહીએ છીએ. મારા માવતરમાં પિતા હયાત નથી, માતા દયાબેન શૈલેષભાઇ પરમાર માર્કેટ યાર્ડ પાસે હુડકોમાં રહે છે. શનિવારે તા.૨ના બપોરે મારા કાકજી સાસુ પદ્મબેનના ઘરે હું હતી ત્યારે પતિ વિજયે આવી બોલાચાલીક રી હતી અને ઝઘડો કરી કહેલું કે મારા મોટા ભાઇ રાજને તું કેમ કહે છે કે હું બીજી કોઇ સ્ત્રી સાથે ફોનમાં વાત કરુ છું, તને આવુ કહેવાનું કોણે કીધુ? કહી મને ઢીકાપાટુ માર્યા હતાં અને ગાળો દીધી હતી. બાદમાં તે જતો રહ્યો હતો. મને વાંસા, ગાલ, મોઢા પર મુંઢ ઇજાઓ થઇ હોઇ મારા માતા દયાબેનને ફોન કરતાં તો મારા ઘરે આવ્યા હતાં અને મને સારવાર માટે લઇ ગયા હતાં. છેલ્લા ચારેક મહિનાથી પતિ મને આ રીતે નાની નાની વાતે મારકુટ કરી જેમતેમ બોલી ત્રાસ ગુજારતો હોઇ મારે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં હિરલબેને કહેતાં એએસાઇ જે. એલ. બાળાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સાયબર એરેસ્ટની ગુન્હાખોરી ૯૦૦%ને પાર

## વર્ષના પ્રથમ સાત મહિના દરમિયાન, ગુજરાતમાં ડિજિટલ એરેસ્ટના નામે ૨ કરોડથી વધુની છેતરપિંડીના ૨૯ સાયબર ક્રાઇમ કેસ : ૨૦૨૪માં ગુજરાતમાં નોંધાયા ૧.૬૬ લાખથી વધુ કેસ જે ૨૦૨૧માં ૧૬ હજાર

રાજકોટ, તા. ૩

દેશમાં દરરોજ ડિજિટલ ધરપકડના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. અત્યાર સુધી ડિજિટલ ધરપકડ દ્વારા લોકો પાસેથી અબજો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. ડિજિટલ ધરપકડ ટાળવી ખૂબ જ મુશ્કેલ કાર્ય છે પરંતુ જો તમે થોડા સાવધ અને જાગૃત રહેશો તો સાયબર ઠગ તમારું કંઈ કરી શકશે નહીં. ડિજિટલ ધરપકડ એ બ્લેકમેઇલિંગનો એક અદ્યતન રસ્તો છે. ડિજિટલ ધરપકડ કૌભાંડનો ભોગ બનેલા લોકો એવા લોકો છે જે વધુ શિક્ષિત અને વધુ બુદ્ધિશાળી છે. ડિજિટલ ધરપકડનો સીધો અર્થ એ છે કે કોઈ તમને ઓનલાઈન ધમકી આપીને વીડિયો કોલિંગ દ્વારા તમારા પર નજર રાખી રહ્યું છે. ડિજિટલ ધરપકડ દરમિયાન, સાયબર ઠગ નકલી પોલીસ અધિકારીઓ તરીકે લોકોને ધમકી આપીને લોકોને પોતાનો ભોગ બનાવે છે. આ દરમિયાન, તેઓ લોકોને સતત વીડિયો કોલ પર રહેવાનું કહે છે અને તે દરમિયાન કેસ બંધ કરવા માટે પૈસા ટ્રાન્સફર કરતા રહે છે.

ડિજિટલ ધરપકડ એક સંદેશ અથવા ફોન કોલથી શરૂ થાય છે. ડિજિટલ ધરપકડ કરનારા ઠગ લોકોને ફોન કરે છે અને કહે છે કે તેઓ પોલીસ વિભાગ અથવા આવકવેરા વિભાગ સાથે વાત કરી રહ્યા છે. તેઓ કહે છે કે તમારા ૐઅગ અને આધારનો ઉપયોગ કરીને ઘણી વસ્તુઓ ખરીદવામાં આવી છે અથવા મની લોન્ડરિંગ કરવામાં આવ્યું છે. ઘણી વખત એવો પણ દાવો કરવામાં આવે છે કે તેઓ કસ્ટમ્સ વિભાગ તરફથી વાત કરી રહ્યા છે અને તમારા નામે એક પાર્સલ આવ્યું છે જેમાં ડ્રગ્સ અથવા પ્રતિબંધિત વસ્તુઓ છે. આ પછી તેઓ વીડિયો કોલ કરે છે અને તમને સામે બેસવાનું કહે છે. આ સમય દરમિયાન, વાત કરવા, મેસેજ કરવા અને કોઈને મળવાની મંજૂરી નથી. આ સમય દરમિયાન, લોકો પાસેથી જામીનના નામે પૈસા પણ માંગવામાં આવે છે. આ રીતે, લોકો પોતાના ઘરમાં ઓનલાઈન કેદ રહે છે અને તેને ડિજિટલ ધરપકડ કહેવામાં આવે છે.

ડિજિટલ ધરપકડ ટાળવાનો સરળ રસ્તો માહિતી છે. તે તમારા ડરથી શરૂ થાય છે. આવી સ્થિતિમાં, જો તમને પણ આવા ધમકીભર્યા ફોન કોલ આવે છે, તો તમારે ડરવાની જરૂર નથી. જો કોઈ તમને ફોન કરીને ધમકી આપે છે, તો ડરશો નહીં, પરંતુ હિંમતભેર તેનો સામનો કરો, કારણ કે જો તમે કોઈ પાર્સલ ઓર્ડર કર્યો નથી, તો ડરવાની જરૂર નથી. જો તમને આવા કોલ આવે છે, તો તાત્કાલિક પોલીસને ફરિયાદ કરો. જો તમને કોઈ મેસેજ કે ઈમેલ મળે છે, તો તેને પુરાવા તરીકે પોલીસને આપો. જો કોઈ કારણોસર તમને કોલ આવે છે અને કોઈ તમને વીડિયો કોલ પર ધમકી આપવાનું શરૂ કરે છે, તો સ્ક્રીન રેકોર્ડિંગ દ્વારા વીડિયો કોલ રેકોર્ડ કરો અને ફરિયાદ કરો. કોઈપણ કિંમતે ડરશો નહીં અને પૈસા બિલકુલ મોકલશો નહીં.

વર્ષના પ્રથમ સાત મહિનામાં, જાન્યુઆરીથી જુલાઈ દરમિયાન, ગુજરાતમાં ડિજિટલ ધરપકડના નામે ₹૨ કરોડથી વધુની છેતરપિંડીના ૨૯ સાયબર ક્રાઈમ કેસ નોંધાયા છે. સૂત્રો જણાવે છે કે રાજ્યભરના વિવિધ જિલ્લા અને મ્યુનિસિપલ કમિશનરેટમાં સાયબર ક્રાઈમ સેલમાં નાની રકમ સાથે જોડાયેલી ઘણી વધારાની ફરિયાદો નોંધાઈ છે. ચિંતાજનક બાબત એ છે કે આ ઘટનાઓ લગભગ દરરોજ બનતી હોવા છતાં, જનતા અને પોલીસ બંને તેમને રોકવામાં મોટાભાગે નિષ્ફળ ગયા છે.

CID સાયબર ક્રાઈમ સેલના અધિકારીઓના મતે, આ ઉચ્ચ મૂલ્યના છેતરપિંડીના ભોગ બનેલા મોટાભાગના લોકો સુશિક્ષિત લોકો છે. ડિજિટલ ધરપકડ કૌભાંડો વિશે સરકાર અને પોલીસ દ્વારા સતત જાગૃતિ ઝુંબેશ અને જાહેર સલાહ આપવામાં આવી હોવા છતાં, લોકો હજુ પણ શિકાર બને છે, માંગણી કરેલી રકમ ચૂકવે છે, અને પછી જ છેતરપિંડીની જાણ કરવા માટે પોલીસનો સંપર્ક કરે છે.

૨ કરોડથી વધુની છેતરપિંડીના ઉચ્ચ મૂલ્યના કેસો ગાંધીનગર સ્થિત CID ક્રાઈમ મુખ્યાલયમાં રાજ્ય સાયબર ક્રાઈમ સેલ દ્વારા નોંધાયેલા અને તપાસ કરવામાં આવે છે. તેનાથી વિપરીત, નાની રકમ સાથે જોડાયેલા કેસો જિલ્લા અથવા શહેર સ્તરે કાર્યરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનો દ્વારા હાથ ધરવામાં આવે છે. જાન્યુઆરી અને જુલાઈ ૨૦૨૫ ની વચ્ચે, ગાંધીનગર સ્થિત CID સાયબર ક્રાઈમ સેલે આવા ૨૯ કેસ નોંધ્યા હતા, જેમાં દરેક કેસ ₹૨ કરોડથી વધુની છેતરપિંડીનો હતો. જોકે, આ ઘટનાઓમાં કુલ કેટલી રકમ વસૂલવામાં આવી છે તે હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી.

**માત્ર ૪ વર્ષમાં ગુજરાતમાં સાયબર ક્રાઈમમાં ૯૦૦%નો વધારો થયો છે.**

| વર્ષ | ગુજરાત | દેશભરમાં |
|---|---|---|
| ૨૦૨૧ | ૧૬,૨૯૭ | ૫૨,૯૭૪ |
| ૨૦૨૨ | ૬૨,૦૭૪ | ૧,૦૨,૦૪૯ |
| ૨૦૨૩ | ૧,૩૦,૦૭૪ | ૨,૨૬,૩૩૬ |
| ૨૦૨૪ | ૧,૬૬,૬૮૨ | ૨,૭૯,૪૮૧ |



## ગાંધીનગર મહિલા તબીબ કેસમાં કંબોડિયન સાયબર ક્રાઈમ ગેંગની ખુલી લિંક

સાયબર ક્રાઈમના એક ચોંકાવનારા કેસમાં, ગુજરાતના ગાંધીનગરની એક વરિષ્ઠ મહિલા ડોક્ટર સાથે 'ડિજિટલ ધરપકડ' નામના ભયાનક કૌભાંડ દ્વારા ૧૦૨ દિવસમાં ૧૯.૪ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. ગુનેગારોએ તેણીને એવું માનતા બનાવ્યા કે તેણી ગંભીર નાણાકીય ગુનાઓ માટે તપાસ હેઠળ છે અને તેણીને વિડિઓ કોલ દ્વારા સતત સંપર્કમાં રહેવા દબાણ કર્યું, તેણીની જીવનભરની બચત ઉડાડી દીધી. તેમના દાવાઓને સાબિત કરવા માટે, તેઓએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના લેટરહેડ પર નકલી નોટિસ મોકલી, જેમાં તેણી પર ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ત્રઉીખઅ) અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (ડખક્અ) હેઠળ ગુનાઓનો ખોટો આરોપ લગાવવામાં આવ્યો. કાનૂની કાર્યવાહીના ડરથી, ડોક્ટરે બધી સૂચનાઓનું પાલન કર્યું અને સુરતમાં તેના ભત્રીજાના લગ્ન દરમિયાન પણ સતત વિડિઓ સંપર્કમાં રહી. તેણીને કહેવામાં આવ્યું હતું કે તેણીની કુલ ૨૦ કરોડ રૂપિયાની સંપત્તિ તપાસ માટે ચોક્કસ ખાતાઓમાં ''સુરક્ષિત'' રાખવી પડશે. ૧૯ કરોડ રૂપિયાથી વધુ રકમ ૩૦ થી વધુ ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી, જે કથિત રીતે છેતરપિંડી કરનારાઓના નિયંત્રણ હેઠળ હતા. મહિનાઓ સુધી ડિજિટલી કેદ થયા પછી જ તેમને સત્યનો ખ્યાલ આવ્યો અને તેમણે પોલીસનો સંપર્ક કર્યો. ધરપકડ કરાયેલા એક શંકાસ્પદ વ્યક્તિ લાલજી જયંતિભાઈ બલદાણીયા, જેમના ખાતાનો ઉપયોગ પૈસા ટ્રાન્સફર કરવા માટે કરવામાં આવ્યો હતો. ઈઈઉ સાયબર સેલ દ્વારા અન્ય શંકાસ્પદોની પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ ખાતાધારકોને શોધી કાઢવા અને ચોરાયેલા ભંડોળને પુનઃપ્રાપ્ત કરવા માટે કામ કરી રહી છે. ડિજિટલ ધરપકડનો આ એક અનોખો કિસ્સો છે. તપાસના બહાને પીડિતોને ખોટા આરોપો લગાવીને ધમકી આપવામાં આવે છે અને પૈસા ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવે છે. તપાસકર્તાઓને કંબોડિયન સાયબર ક્રાઈમ ગેંગ સાથે સંભવિત લિંક્સ મળી આવ્યા છે જે ભારતીયોને નિશાન બનાવતા નકલી કોલ સેન્ટર ચલાવે છે. ગૃહ મંત્રાલયના તાજેતરના અહેવાલ મુજબ, આ ગેંગ માસિક ૧,૦૦૦ કરોડથી વધુના નુકસાન માટે જવાબદાર હોવાનું કહેવાય છે.

ત્રિકોણબાગે મહિલા ઉભી હતી ત્યારે એકે છોકરો પેમ્પલેટ વહેચતો હતો તે જોઇ ફોન કર્યો ને છેતરાયા

# 'મહિલા ગ્રુપ લોન'ના નામે બે ગઠીયા મહિલાને છેતરી ગયા

## નાણાવટી ચોક જાસલ કોમ્પલેક્ષની ઓફિસમાં મહિલાને લોન બાબતે સમજ આપી, નોકરીમાં રાખીઃ મહિલાએ ગ્રાહકો પાસેથી ૬,૫૦,૦૦૦ ઉઘરાવીને આપ્યા પછી બંને ગઠીયા ઓફિસને તાળા મારી છૂમંતર

રાજકોટ, તા. ૩

છેતરપીંડીના કિસ્સા રોજબરોજ બનતા રહે છે. દરમિયાન બે ગઠીયાએ એક મહિલા લોન એજન્ટને શીશામાં ઉતારી લોનના નામે સાડા છ લાખની ઠગાઇ કરી ઓફિસને તાળા મારી ગાયબ થઇ ગયા હતાં. બંને ગઠીયાએ મહિલાને મહિને ત્રીસ હજારના પગારની ઓફિર પણ કરી હતી.

ઘટનાની વિગતો જોઇએ તો શહેરના એક મહિલા સાથે નાણાવટી ચોક જાસલ કોમ્પલેક્ષમાં ઓફિસ ધરાવતાં બે શખ્સે દસ હજાર ભરવાથી બે લાખની લોન મળશે તેવી વાત કરી આ મહિલા લોન એજન્ટ તરીકે કામ કરતી હોઇ તેને મહિને ૩૦ હજારના પગારથી નોકરીમાં રાખતાં તણીએ પોતાના હસ્તકના ૬૫ ગ્રાહકો પાસેથી ૧૦-૧૦ હજાર લેખે ૬,૫૦,૦૦૦ ઉઘરાવી આ બંને શખ્સોને આપતાં બાદમાં આ બંને ઓફિસ બંધ કરી ભાગી જતાં ઠગાઇની ફરિયાદ નોંધાવાઇ છે. મહિલા ગ્રુપ લોનના નામે પેમ્પલેટ વિતરણ કરી આ શખ્સોએ કૌભાંડ આચર્યુ હતું. આ બારામાં ગાંધીગ્રામ પોલીસે સયાજી હોટલ પાસે સરકારી આવાસ યોજના ક્વાર્ટર નં. ૧૫ ત્રીજા માળે રહેતાં નુરજહાંબેન ઓસમાણમીયા કાદરીની ફરિયાદ પરથી મુકેશ વાઘેલા અને રાકેશ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

નુરજાહાબેને ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને લોન એજન્ટ તરીકે છુટક કામ કરુ છું. પંદર દિવસ પહેલા કામ માટે ત્રિકોણબાગ પાસે ગઇ હતી ત્યાં સીટી બસ સ્ટેશને ઉભી હતી ત્યારે એક અજાણ્યો શખ્સ પેમ્પલેટ વેંચતો હતો જેમાં મોટા અક્ષરે 'મહિલા ગ્રુપ લોન' લખેલુ હતું. તે પેમન્લેટમાં નીચે લોન માટેના જરૂર ડોક્યુમેન્ટ તથા લોન માટે જરૂરી માહિતી મળી હતી. બાદ ૧૫/૭/૨૫ના રોજ મારા કસ્ટમર સંજયભાઇએ મને વ્હોટ્સએપથી




પેમ્પલેટ મોકલ્યું હતું જે ત્રિકોણબાગે હતી ત્યાં જોયુ હતું એ જ હતું. આથી મને આ વાત સાચી લાગી હતી.

ત્યારબાદ મેં પેમ્પલેટમાં લખેલા નંબર પર ફોન કરી તમે લોન કરો છો? તેમ પુછતાં તેણે હા પાડી હતી અને રૂબરૂ આવવા કહેતાં તેણે પેમ્પલેટમાં ગાંધીગ્રામ નાણાવટી ચોક પાસે જાસલ કોમ્લેક્ષ ત્રીજો માળ ઓફિસ નં. ૨૪૮નું એડ્રેસ લખ્યુ હોઇ હું ત્યાં જતાં મને ત્યાં મુકેશ વાઘેલ મળેલ. તેણે કહેલુ કે ઓફિસમાં બોર્ડ મારેલુ છે તે મુજબ તમે ૧ લાખ, ૨ લાખની લોન કરીએ છીએ. મેં વ્યાજ બાબતે પુછતાં તેણે કાચીચિઠ્ઠીમાં હપ્તા કઇ રીતે ભરવા તે સમજાવ્યુ હતું.

બાદમાં મેં મુકેશ વાઘેલાને હું લોનનું કામ કરુ છું કહેતાં તેણે મને ૩૦ હજારના પગારની ઓફર કરી હતી અને કસ્ટમરો શોધી લાવવા કહેલુ. તેમજ બે લાખની લોન લેનારને દસ હજારનો વીમો પણ મળે છે. તેમ કહેતાં મેં મારા જાણીતા ૬૫ ગ્રાહકોને શોધીને કુલ ૬,૫૦,૦૦૦ મુકેશને આપ્યા હતાં. બે લાખની લોન માટે દસ હજાર ભરવાથી બે લાખની લોન મળે છે તેવી વાત કરી આ રકમ મેં બધા પાસેથી ઉઘરાવીને આપી હતી.

મુકેશે તેની સાથેના શખ્સને પોતાનો પાર્ટનર રાકેશ જણાવ્યો હતો. આ પછી ૩૧/૭ના રોજ હું ઓફિસે જતાં ખબર પડી હતી કે મુકે છેતરવાના ધંધા કરે છે. મારી પાસેથી લોન-વીમાના નામે ૬,૫૦,૦૦૦ મેળવી લઇ મુકેશ અને રાકેશ ઓફિસ બંધ કરી ભાગી ગયા હતાં. જેથી મેં પોલીસને જાણ કરી હતી. ગાંધીગ્રામ પીઆઇ એસ.આર. મેઘાણીની રાહબરીમાં હેડકોન્સ. આર. ટી. વાસદેવાણી વધુ તપાસ કરે છે.

# નાના-મોટામવા-વાજડીના પ્રોજેક્ટોને લાગશે ITનું ગ્રહણ

## સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન ૫ હેઠળ જે તપાસ હાથ ધરવામાં આવી ત્યાં ૩૫,૦૦૦ થી વધુ તપાસ અર્થે લઈ જવાય : ખાસ યાદી તૈયાર થતી હોવાની આઈટીના સૂત્રોનું માનવું



રાજકોટ, તા. ૩

ગત સપ્તાહમાં રાજકોટ જિલ્લા સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન ૫ ખાતે આવકવેરા વિભાગની ઇન્ટેલિજન્સ એન્ડ ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન વિંગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં સમગ્ર દિવસ ચાલેલી તપાસમાં આવકવેરા વિભાગની ટીમને છેલ્લા પાંચ વર્ષના આશરે ૩૫,૦૦૦ થી વધુ દસ્તાવેજો તપાસ અર્થે લઈ ગયા હોવાની વાત પણ જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે. એટલું જ નહીં હાલ જે વિગતો સામે આવી રહી છે તે મુજબ આ રાજકોટનું સૌથી મોટું ઓપરેશન અને પ્રથમ વખત આ પ્રકારની કાર્યવાહી થઈ હોવાનું સબ રજીસ્ટ્રાર કચેરીના કર્મચારીઓ અને અધિકારીઓ પણ જણાવી રહ્યા છે તેમના જણાવ્યા મુજબ આ કાર્યવાહી પૂર્વે આવકવેરા વિભાગ દ્વારા કોઈપણ પ્રકારની નોટિસ આપવામાં આવી ન હતી એટલું જ નહીં તેમના મત મુજબ હાલજે પ્રશ્ન ઉભો થયો છે તે ટેકનિકલ છે જે અંગે તેઓ પાસે કોઈ અભ્યાસ નથી.

ત્યારે છેલ્લા પાંચ વર્ષના આશરે ૩૫,૦૦૦ થી વધુ દસ્તાવેજો તપાસ અર્થે આવકવેરા વિભાગ લઈ ગયું હોવાનું પણ જણાવ્યું હતું મળતી માહિતી મુજબ આ માટે વિભાગને ૬૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે અને એ સમયગાળા દરમિયાન તેઓએ તેમનો રિપોર્ટ વળી કચેરીને મોકલી આપવાનો રહેશે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર ઝોન પાંચ કચેરી હેઠળ વિરડા વાજડી, મોટા મવા, નાના મવા વિસ્તાર આવે છે ત્યારે આ એ વિસ્તાર છે કે જે અત્યંત પોઝ માનવામાં આવી રહ્યો છે અને આ જ વિસ્તારમાં અનેક નવા પ્રોજેક્ટો પણ હાથ ધરવામાં આવ્યા છે ત્યારે આડકતરી રીતે આ વિસ્તારમાં જે પણ બિલ્ડરોના પ્રોજેક્ટ આવેલા છે કે જે કોમર્શિયલ હોય તેમના ઉપર હાલ લટકતી તલવાર જોવા મળી રહી છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર અને ખાસ તો જિલ્લા સબ રજીસ્ટ્રાર કચેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર જે ૩૫,૦૦૦ દસ્તાવેજ જે તપાસ અર્થે લઈ જવામાં આવ્યા છે તેમાં વેચાણ કરારની સાથોસાથ મોર્ગેજ સહિતના અન્ય દસ્તાવેજોનો પણ સમાવેશ થયો છે હાલ ઝોન પાંચ વિસ્તારમાં પ્રતિવર્ષ આશરે ૭,૦૦૦ થી વધુ દસ્તાવેજો નોંધાતા હોય છે પરંતુ આવકવેરા વિભાગ દ્વારા કયા કારણોસર ઝોન પાંચ નેજ ટાર્ગેટ કરવામાં આવ્યું તે અંગે હજી કોઈ સ્પષ્ટતા થઈ ચૂકી નથી.

આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ઇન્ટેલિજન્સ એન્ડ ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન વિંગની કામગીરી રૂટીન હોય છે પરંતુ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર અગાઉ પણ સબ રજીસ્ટ્રાર કચેરીને બે નોટિસો મોકલવામાં આવી હોવાનું જણાવ્યું હતું જેમાં ઘણાખરા દસ્તાવેજોમાં ક્ષતિઓ રહી ગઈ હોવાનું માલુમ પડ્યું હતું પરંતુ વિભાગના જણાવ્યા અનુસાર એ બંને નોટિસોનો યોગ્ય જવાબ ન મળતા આ દરોડા પાડવામાં આવ્યા હતા. સામે મહત્વની વાત પણ એ જ છે કે હવે વિભાગ દ્વારા કયા પ્રકારે કામગીરી હાથ ધરવામાં આવશે તે જોવાનું રહ્યું. નીતિગત વાત કરવામાં આવે તો હવે આ પ્રકરણમાં ઇન્વેસ્ટિગેશન વિંગ તપાસમાં જોડાઈ તોપણ નવાઈ નથી પરંતુ તેમનો ભાગ બે માસ બાદ શરૂ થશે કારણકે હજુ આ રિપોર્ટ તૈયાર કરવામાં ૬૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે અને ૩૫,૦૦૦ થી વધુ દસ્તાવેજો જે તપાસ અર્થે લાવવામાં આવેલા હોય તેનો પણ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે અને શું ક્ષતિઓ રહી ગઈ છે અને કયા પ્રકારે ગેરરીતિ આચરવામાં આવી છે કે કેમ આ અંગે હાલ તપાસ ચાલી રહી છે.

સામે જિલ્લા સબ રજિસ્ટ્રાર કચેરીના અધિકારી તથા કર્મચારીઓના જણાવ્યા અનુસાર એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી હતી કે જ્યારે વિંગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી તે દરમિયાન તેમનું વલણ ખૂબ અક્કડ હતું અને તમામ પાસેથી તેમના ફોન પણ લઈ લેવામાં આવ્યા હતા પરંતુ એક કલાક બાદ તપાસ શરૂ થઈ જતા તેમને તેઓના ફોન પરત આપવામાં આવ્યા હાલ તંત્ર જો એમ કહેતું હોય કે આ રૂટીન પ્રક્રિયા છે અને દસ્તાવેજમાં મિસ મેચ થયા હોવાની ફરિયાદો ઉઠી છે તો છેલ્લા પાંચ વર્ષના દસ્તાવેજો કયા કારણોસર લઈ જવામાં આવ્યા તે ૧૦૦ મણનો સવાલ હાલ જોવા મળ્યો છે અને આ અંગે જ્યારે વિભાગને પણ પૂછવામાં આવ્યું તો તેઓએ પણ આ અંગેનો જવાબ આપવાનું ટાળ્યું હતું.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આવકવેરા વિભાગને હાથ જે દસ્તાવેજો લાગ્યા છે તેનાથી સંબંધિત રિયલ એસ્ટેટ ગ્રુપ ઉપર અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે એટલું જ નહીં આવકવેરા વિભાગના સૂત્રો અનુસાર હાલ અનેક રિયલ એસ્ટેટ ગ્રુપના સંચાલકો ની યાદી પણ સાથો સાથ તૈયાર કરવામાં આવી રહી છે ત્યારે હવે વિભાગ દ્વારા કઈ રીતે કામગીરી કરવામાં આવશે તે પણ સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે. દર વખતે આવકવેરા વિભાગની અનવેષણ વિભાગની ટીમ એકલદોકલ ગ્રુપ ઉપર તવાય બોલાવતી હતી ત્યારે આ વખતે એ વાતની પણ આ શંકા વ્યક્ત કરાઈ રહી છે કે આ વખતનું રાજકોટ ઓપરેશન ખૂબ મોટું અને મહત્વપૂર્ણ બની શકે છે જો ઇન્ટેલિજન્સ અને ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ટીમને કોઈ મોટી કડી હાથ લાગશે તો એ વાત સ્પષ્ટ છે કે આ વખતનું રાજકોટ વિંગનું સર્ચ ઓપરેશન ખૂબ મોટું અને મહત્વનું પુરવાર થશે. હર હંમેશ જોવામાં આવે છે કે આવકવેરા વિભાગની ટીમ દ્વારા રિયલ એસ્ટેટ ગ્રુપ ઉપર દરોડા પાડવામાં આવતા હોય અથવા તો જ્વેલર્સ ગ્રુપને ટાર્ગેટ કરવામાં આવતો હોય પરંતુ આ વખતે કોઈ કલ્પના ન કરી શકે તે મુજબની કામગીરી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી અને ફૂલ ટુ પ્રુફ સાથે જે તપાસ શરૂ કરાય છે તેના અંતે અનેક લોકોના તપેલા ચડી જાય તો પણ નવાઈ નહીં. બજાર કિંમત કરતા જંત્રી નો ભાવ ઓછો હોવાનું માલુમ પડ્યું છે ત્યારે અધિકારીઓએ પણ જણાવ્યું કે આ કિસ્સામાં અન્ડર વેલ્યુ થવું તે શક્ય નથી તો હવે આવકવેરા વિભાગ માટે તપાસનો વિષય બીજો કયો છે તે પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા કરે છે.

### બિલ્ડર લોબીમાં પણ આંતરિક ગણગણ શરૂ

કોઈને ખ્યાલ ન પડે તે રીતે જે વિભાગ દ્વારા સબ રજિસ્ટ્રાર કચેરીમાં દરોડા પાડીને દસ્તાવેજો અંકે કર્યા છે તેને ધ્યાને લઈ સંબંધિત ગ્રુપના બિલ્ડરોમાં આંતરિક ગણગણ શરૂ થઈ ગયું છે અને તેમના દ્વારા પણ વ્યવહારો જે કરવામાં આવેલા હોય તે અંગેની વિસ્તૃત માહિતી પણ લેવામાં આવી રહી છે એટલે કહી શકાય કે પાણી પહેલા પાડ બાંધવાની જે કહેવત છે તેનું અનુસરણ કરવામાં આવી રહ્યું છે. સામે આવકવેરા વિભાગ દ્વારા પણ આ અંગે કોઈ અન્ય માહિતી નથી આપવામાં આવતી ત્યારે વિભાગના જ સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ બંને ટીમો આ ખાસ કાર્યમાં લાગી ચૂકી છે ત્યારે રાજકોટમાં કંઈક નવાજૂની થવાના પણ એંધાણો જોવા મળી રહ્યા છે.



# દસ્તુર માર્ગ અંડરપાસનું દિવાળી સુધીમાં લોકાર્પણ

## નિર્ધારિત સમયથી પણ વધુ સમયમાં પૂર્ણ થયેલ અંડરપાસમાં હજુ નથી નખાઈ પાણી નિકાલ માટેની લાઈનો : ગત સ્ટેન્ડિંગમાં થઈ મંજૂર

રાજકોટ, તા. ૩

રાજકોટની ટ્રાફિક સમસ્યાને નિવારવા માટે ટ્રાફિક વિભાગ અને મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત ઉપક્રમે હાલ એ વાત ઉપર વિચાર કરવામાં આવી રહ્યો છે કે આ તકલીફનો નિવારણ કેવી રીતે લાવવામાં આવે ત્યારે અત્યારે ઓવરબ્રિજ અને અંડર બ્રિજ બનાવવા માટે હાલ વિચારણા ચાલી રહી છે એટલું જ નહીં મહાનગરપાલિકા ખાસ એ વિસ્તારોમાં પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે કે જ્યાં ટ્રાફિક સમસ્યા ઉદભવતી હોય ત્યારે દસ્તુર માર્ગ પર હાલ અંદર પાસ બનાવવામાં આવ્યો છે જે બનાવવા માટે જરૂરીયાત કરતા પણ વધુ સમય લગાડવામાં આવ્યો અને જે અંદાજિત ખર્ચ નક્કી કરવામાં આવ્યો હતો તેનાથી પણ તે ખર્ચ વધી ગયો છે. છતાં પણ હજુ આ અંડર પાસ શરૂ કરવામાં આવ્યો નથી ત્યારે તેની પાછળનું શું કારણ તે પણ સ્પષ્ટ થતું ન હોવાનું માલુમ પડ્યું છે. પરંતુ અત્યારે જે વાત સામે આવી રહી છે તે એ છે કે પાણી નિકાલ માટેની હાલ કામગીરી ચાલુ કરવામાં આવશે જેને સ્ટેન્ડિંગમાં મંજૂર કરવામાં આવી છે અને આશરે દિવાળી સુધીમાં શરૂ કરી દેવામાં આવશે કારણ કે હવે પાણી નિકાલ માટેની લાઈનો નાખવામાં આવવાની બાકી છે. ત્યારે તંત્ર દ્વારા રૂપિયા નો જે રીતે વ્યય કરવામાં આવી રહ્યો છે અને લોકોને જે અગવડતા ભોગવી પડે છે તે માટે અનેકવિધ પ્રશ્નો પણ મહાનગરપાલિકાની કામગીરીને લઈ ઊભા થઈ રહ્યા છે આ માટે હવે ગંભીરતા પૂર્વક તંત્ર એ પણ વિચાર કરવો ખૂબ જરૂરી અને આવશ્યક છે.

ડો.દસ્તુર માર્ગથી પસાર થતા વાહનો સીધા રેલવે લાઈન ક્રોસ કરીને અમીનમાર્ગ તરફ જઈ શકે તે માટે મૂળ ૨.૬૭ કરોડના ખર્ચ અંદાજ સામે પાંચ કરોડનો ખર્ચ કરીને અને ૬ માસમાં કામ પુરૂથવાના દાવા સામે દોઢ વર્ષે કામ પૂરૂથયું છે ત્યારે મનપાની ઢીલી નીતિના કારણે હજુ પણ આ અન્ડરપાસ બંધ રખાયો છે. આ કામ મનપાના ખર્ચે રેલવે તંત્રને સોંપવામાં આવ્યું હતું અને રેલવેએ પણ ઘણો વધારે સમય લીધો હતો. રેલવે સૂત્રો અનુસાર એક માસ પહેલા આ કામ પૂરૂથયું છે પરંતુ, તે ટ્રાફિક માટે ખુલ્લો મુકી શકાય તેમ એટલા માટે નથી કે મનપાએ ત્યાં જળનિકાલની વ્યવસ્થા કરી નથી. મનપાના ઈજનેરી સૂત્રોએ જણાવ્યું કે પાણી નિકાલ માટે એક લાઈન તો છે પરંતુ, વધારાની લાઈનનું કામ હજુ થયું નથી અને અન્ડરપાસ ક્યારે ખોલવો તે ઉપરના લેવલે નક્કી કરાશે. એવી પણ ચર્ચા છે કે નાલુ ખુલ્લુ મુકાય તો સામાન્ય વરસાદે ત્યાં જળબંબાકાર થતા કામની પોલ ખુલે તેવી ભીતિ હોવાથી ચોમાસામાં તેને ખુલ્લુ મુકવાનું ટાળવામાં આવે છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર જ્યારે અંડર પાસ બનાવવાની કામગીરી ચાલતી હતી તો તે હર્ષામાં જ કેમ આ પાઈપ લાઈનો નાખવામાં ન આવી તે પણ પ્રશ્ન ઉભો થયો છે શું એન્જિનિયરોને એ વાતનો ખ્યાલ ન હતો.

# ૪૫૦ કરોડના વેરા લક્ષ્યાંક સામે મનપાને ૨૬૩ કરોડની આવક

## વિવિધ સરકારી કચેરીઓનો ૯૦ કરોડથી વધુનો વેરો આજે પણ બાકી : સરકાર તરફથી ગ્રાન્ટ નહીં મળે ત્યાં સુધી મનપા પર રહેશે કરોડોનું ભારણ : સામાન્ય મિલકત ધારક ઉપર પછાડાશે ડંડો



રાજકોટ, તા. ૩

રાજકોટ મહાનગરપાલિકા માટે જો કોઈ આવકનો સ્ત્રોત હોય તો તે વેરો છે ત્યારે આ વખતે ૪૫૦ કરોડ રૂપિયાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે અને તેમાં હાલ મહાનગરપાલિકા ૨૬૩ કરોડને પાર પહોંચી ગઈ છે ત્યારે બાકી રહેતા ૧૮૭ કરોડ માટે હવે વેરાવ વસૂલાત વિભાગે મથામણ કરવાની જરૂરિયાત છે. તેમાં પણ હાલ જો સરકારી વિભાગ દ્વારા જે બાકી વેરો ભરવામાં આવે કે જેનો કુલ આંકડો ૯૦ કરોડથી વધુનો છે તો પણ વિભાગને ઘણી ખરી રાહત મળી શકે. ગત વર્ષે ૪૦૦ કરોડના લક્ષ્યાંક સામે વેરાવ વસુલાત વિભાગે ૪૧૦ કરોડની આવક કરીને આપી હતી ત્યારે આ વખતે ૪૫૦ કરોડ ના લક્ષ્યાંક સુધી પહોંચવા માટે અત્યારથી જ વેરા વસુલાત વિભાગ દ્વારા કમર કસવામાં આવી છે. વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર આ વખતે પણ ટાર્ગેટની નજીક સંપૂર્ણપણે પહોંચી જવામાં આવશે જે માટેનો હાલ માસ્ટર પ્લાન્ટ પણ તૈયાર કરી દેવાયો છે પરંતુ દર વખતની જેમ આ વખતે પણ સરકારી વિભાગો ઉપર પણ મતદાન રાખવામાં આવી રહ્યો છે જો આ વખતે સરકારી વિભાગો કે જેનો વેરો બાકી છે તે તેની ભરપાઈ કરી દે તો વેરાવસુલાત વિભાગ અને મહાનગરપાલિકાને ઘણી રાહત રહેશે પરંતુ તે કાર્ય એટલે શક્ય થતું નથી કારણ કે સંબંધિત વિભાગ દ્વારા ગ્રાન્ટ સરકારમાંથી માંગવામાં આવતી હોય છે અને જ્યાં સુધી એ ગ્રાન્ટ ન આવે ત્યાં સુધી તેઓ તેનો વેરો ભરી શકતા નથી અને આ રકમ સતત ચડત રહેતી હોય છે.

વેરાવ વસુલાત વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર હાલ કે, આ વખતે જે સરકારી વિભાગો દ્વારા કર ભરવાનો બાકી છે તેની પૂરતી થશે અને જે ખાદ્ય ઊભી થશે તેને પુરવા એ તમામ કરદાતાઓને લેખિત નોટિસની સાથોસાથ રૂબરૂ જઇ વેરો ભરવા માટે અવગત કરાશે. હાલ દિવાળી બાદ આ ઝૂંબેશને વધુ તીવ્ર વેગની આગળ ધપાવવામાં આવશે અને હિન્દુ નવા વર્ષ બાદ સિલિંગ ઝૂંબેશ હાથ ધરાઇ તો નવાઇ નહીં, કારણ કે ગત વર્ષે જે ૪૦૦ કરોડનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો તેને વિભાગે મનપાને ૪૧૦ કરોડની આવક કરાઇ હતી. જેને ધ્યાને લઇ આ વખતે ટાર્ગેટ ૪૫૦ કરી દેવામાં આવ્યો છે અને આ લક્ષ્યાંકનો પીછો કરતા ટીમે ૨૬૩ કરોડ જેટલો લક્ષ્યાંક સિદ્ધ કરી દીધો છે.

ખાનગી મિલકત હોય અને તેઓ વેરો ન ભરે તો જે તે મિલકતને સીલ કરી દેવામાં તો આવે છે પરંતુ સરકારી કચેરીમાં એ શક્ય નથી કારણ કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની જો વાત કરવામાં આવે તો યુનિવર્સિટીએ પણ વેરો ભરવાનો બાકી છે અને જો તેને સીલ કરી દેવામાં આવે તો શિક્ષણ કાર્ય અટકી પડે જે શક્ય નથી ત્યારે સરકારી વિભાગો માટે તો આ હરખની વાત છે કે વેરો ભરવાનો નહીં અને જ્યારે ગ્રાન્ટ મળે ત્યારે તેની ભરપાઈ થાય સામે સામાન્ય વ્યક્તિ કે જે ૧૦,૦૦૦ રૂપિયા પણ બાકી હોય તો પણ વેરા વસુલાત વિભાગ દ્વારા તેના ઉપર ડંડો પછાડવામાં આવતો હોય છે. આ અંગે પણ સરકાર અને સ્થાનિક પ્રસાશ અને યોગ્ય વ્યવસ્થા ઉભી કરવી ખૂબ જરૂરી છે. હાલ મળતી માહિતી મુજબ ૨૫,૦૦૦ થી વધુ નો જે મિલકતને વેરો બાકી હોય તેઓને સ્પીડ પોસ્ટ મારફતે નોટિસ પણ ફટકારી દેવામાં આવી છે તો તેનાથી વધુ રકમના મિલકત ધારકોને રૂબરૂ જઈ તેમનો વેરો ભરવા માટે તેઓને સૂચિત કરવામાં આવ્યા છે.

હવે બાકી રહેતા મહિનાઓમાં વેરાવસુલાત વિભાગ દ્વારા બાકીની રકમની ભરપાઈ ઝડપભેર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવશે પરંતુ સર્વપ્રથમ તબક્કામાં નોટીસો આપી અથવા તો ફોન કરીને જે તે મિલકત ધારકને તેમનો બાકી વેરો ભરવા માટે જણાવશે અને જો આ કરવામાં તેઓ નિષ્ફળ નીકળશે તો કાયદાકીય પગલા એટલે કે સીલીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. હાલ વેરા વસુલાત વિભાગ માટે મહત્વની વાત તો એ જ છે કે આ વખતે જે ૪૫૦ કરોડ રૂપિયાનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે તેને કેમ સરળતાથી પહોંચી શકાય.

ચાલુ વર્ષમાં જ મહાનગરપાલિકા આ ટાર્ગેટને પરીપૂર્ણ કરવા માટે મહેનત કરશે ત્યારે મનપાના વેરા વસૂલાત વિભાગને એ વાતની આશા છે

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com
(મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)
કાર લોન
૭.૮૫% થી
- પ્રિ-ક્લોઝર/પાર્ટ પેમેન્ટ ચાર્જ નહીં
- લોનનો સમયગાળો મહત્તમ ૭ વર્ષ
- ૧૦૦% સુધી ધિરાણની સુવિધા
- મોર્ગેજની જરૂર નહીં
- ૪૮ કલાકમાં જ ધિરાણ
- નહિવત ડોક્યુમેન્ટ
ફિક્સ વ્યાજદર

સંપર્ક : 95707 80707
નાના માણસની મોટી બેંક
PROUDLY CO-OPERATIVE
સહકારથી સમૃદ્ધિ